dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue - 231 | AD - 2025, Vaishakh Vad-14 | Monday, Dt.26-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


सत्यमेव जयते
ભારત સરકાર

सत्यमेव जयते
ગુજરાત સરકાર



વિકસિત ભારત @2047ને સાકાર કરવાની દિશામાં અગ્રેસર ગુજરાત

₹53,000 કરોડથી વધુના વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ્‌હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી મનોહર લાલ
માનનીય કેન્દ્રીય મંત્રી - વીજ, આવાસ અને શહેરી બાબતો
ભારત

26 મે, 2025 બપોરે 3 વાગે ભુજ, કચ્છ

જીવનમાં પરિવર્તન, પ્રગતિને વેગ, હરિયાળા ભવિષ્ય તરફ અગ્રેસર

દેશને ઊર્જાવાન કરતી ગ્રીન ગ્રિડ

ટ્રાન્સમિશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર
(₹ 39,300 કરોડથી વધુના પ્રકલ્પો)

આંતરરાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ લાઇન્સ સમગ્ર ભારતમાં પુનઃપ્રાપ્ય ઊર્જા પહોંચાડશે	* ખાવડાથી નાગપુર ±800 kV HVDC બાયપોલ લાઇન અને 6000 MW ટર્મિનલ સબસ્ટેશન * વધારાના 7 GW RE પાવરના નિકાસ માટે વટામણ સબસ્ટેશન અને ટ્રાન્સમિશન લાઇન * બનાસકાંઠા-સંખારી ટ્રાન્સમિશન લાઇન અને સબસ્ટેશનનું વિસ્તૃતિકરણ

ઊર્જા સુરક્ષાથી સૌને લાભ

પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર
(₹ 11,700 કરોડથી વધુના પ્રકલ્પો)

રહેણાંક, ઉદ્યોગો, વાણિજ્ય અને કૃષિ માટે 24x7 અવિરત, સસ્તી અને ગુણવત્તાયુક્ત વીજળી	* વિવિધ સબસ્ટેશનનું નિર્માણ * ગાંધીધામ ખાતે અંડરગ્રાઉન્ડ કેબલિંગ * ઉકાઈ પાવર પ્લાન્ટનું વિસ્તૃતિકરણ અને કડાણા હાઇડ્રો પ્લાન્ટનું આધુનિકીકરણ
ખેડૂતોને દિવસે વીજળી	* 266 મેગાવોટની કુલ ક્ષમતા ધરાવતા ચાર સૌર પ્રોજેક્ટ્સ

સમૃદ્ધિને વેગ આપતા પોર્ટ

પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર
(₹ 1,100 કરોડથી વધુના પ્રકલ્પો)

ગુજરાતને વૈશ્વિક બજારોથી જોડશે તથા ઉત્પાદકો માટે ઝડપી ડિલિવરી થશે અને વધુ વિશાળ બજારો સુધી પહોંચી શકાશે	* 3 રોડ ઓવરબ્રિજ અને 6 લેન રોડનું આધુનિકીકરણ * 10 મેગાવોટ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન સુવિધા * ઓઇલ જેટી નંબર 8, ટ્રાન્ઝિટ સ્ટોરેજ વેરહાઉસ અને અન્ય કામો

લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરતી માળખાગત સુવિધા

માર્ગ, પર્યટન અને યાત્રાધામ
(₹ 1,092 કરોડથી વધુના પ્રકલ્પો)

ઉન્નત કનેક્ટિવિટી, રોજગારીની વધુ તકો અને વ્યાપાર, પર્યટન સહિતની સેવાઓને પ્રોત્સાહન	* ભુજથી નખત્રાણા સુધી 4 લેન હાઇ-સ્પીડ કોરિડોર * ધોળાવીરા ખાતે પ્રવાસી સુવિધાના વિકાસની બીજા તબક્કાની કામગીરી * 'માતાનો મઢ' ખાતે વિવિધ સુવિધાઓનો વિકાસ

વિકસિત ગુજરાત ગ્રીન ગુજરાત

જીવંત પ્રસારણ જુઓ DD NEWS પર

કમોસમી વરસાદથી અમરેલી જિલ્લામાં ઈંટ ઉત્પાદકોને ફટકો

સર્વે કરી સહાય ચુકવવા માટે ઈંટ ઉત્પાદકોની માંગ

અમરેલી,તા.૨૫

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેના લીધે ૬ મેથી ૨૫ મે ૨૦૨૫ વચ્ચે અલગ અલગ જિલ્લાઓમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. એટલું જ નહીં વાતાવરણમાં પલટો આવવાને કારણે જોરદાર વાવાઝોડું પણ ફૂંકાયુ હતું. આનાથી સમગ્ર ગુજરાતમાં સ્થાપિત ૨૫૦૦ મોટા ચીમની ભઠ્ઠા તથા ૪૦,૦૦૦ જેટલા નાના હાથ ભઠ્ઠી દ્વારા ઈંટ બનાવીને પકવતા ઈંટ ઉત્પાદકોને અંદાજે ૪૫૦ કરોડ રૂપિયાનું મોટુ નુકસાન થયું છે. જેથી કરીને આ મુદ્દે તાત્કાલિક ધોરણે આનો મહેસુલ વિભાગ દ્વારા સર્વે કરાવીને સહાય આપવાની રાજ્ય સરકાર પાસે માંગ કરવામાં આવી છે. આ અંગે ઈંટ ઉત્પાદક પ્રફુલભાઈ રાખશીયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૧માં ૧૭ અને ૧૮ મેના દિવસે તાઉતે વાવાઝોડું આવ્યું હતું એના કારણે ઈંટ ઉત્પાદકોને પણ ભારે નુકસાન થયું હતું. હવે ૨૦૨૫માં પણ ૬થી ૨૫ મે વચ્ચે કમોસમી વરસાદ અને વાવાઝોડુ આવ્યું હતું. આવી સ્થિતિમાં વર્ષ



૨૦૨૧ કરતા પણ વધારે નુકસાન આ વર્ષે થયું છે. એટલું જ નહીં કાચા માલનું પણ વધારે પ્રમાણમાં ધોવાણ થઈ ગયું છે તથા ઈંટ ઉત્પાદન પણ વહેલું બંધ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન શરૂઆતમાં અન્ય રાજ્યમાંથી આવતા મજૂરો મોડા આવતા અને વરસાદને લીધે પણ વહેલું ઉત્પાદન બંધ થવાથી કુલ ઉત્પાદનમાં ૪૦થી ૪૫ ટકા સુધીનું જ કામ થયું છે. ગુજરાત જ નહીં દેશભરમાં ઈંટ ઉદ્યોગની વાત કરીએ તો એ રેલવે પછી બીજા ક્રમે કારીગરોને રોજગારી પૂરી પાડતો લઘુ તથા કુટીર ઉદ્યોગ છે. આ ઉદ્યોગ દેશભરમાં કરોડો મજૂરોને રોજગારી પુરી પાડે છે. ગુજરાતમાં પણ ૭થી ૮ લાખ મજૂરોને રોજગારી પૂરી પાડતો ઉદ્યોગ આજે સદંતર ઠપ થઈ ગયો છે તેમજ લાખો માણસોની રોજગારી છીનવાઈ ગઈ છે. અમરેલી જિલ્લામાં ૫૦૦થી વધુ પરિવારો ઈંટ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. કાચો માલ કમોસમી વરસાદમાં ધોવાઈ ગયો હોવાથી ઈંટ ઉત્પાદકોને ભારે અસર પહોંચી છે. કાચા માલની સાથે કાચી ઈંટો પણ વરસાદને કારણે ધોવાઈ ગઈ છે જેથી આ ઈંટો ફરીવાર બનાવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. આમ અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોની સાથે-સાથે ઈંટ ઉત્પાદકોને પણ ભારે અસર પહોંચી હોવાથી ઈંટ ઉત્પાદકોને થયેલા નુકસાનનો સર્વે કરી સહાય ચુકવવા માંગ કરવામાં આવી છે.

બગસરા એસ.ટી.ડેપોનો વહીવટ રામભરોસે પૂછપરછ વિભાગમાં કોઈ કર્મચારી હાજર નહી

અમરેલી,તા.૨૫

બગસરા બસ સ્ટેન્ડ પર થોડા દિવસ પહેલા પૂરપરછ વિભાગમાં કોઈને નોકરી ફાળવેલ ન હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ અંગે જાણવા મળતી માહિતી મુજબ એસ.ટી.ના અધિકારી દ્વારા પોઈન્ટ પર નોકરી ફાળવવાનું જ ભૂલી ગયા હતા અને નોકરીનું ખાનુ ખાલી રાખવામાં આવ્યુ હતું. જેથી કોઈ કર્મચારી સવારે પાંચ વાગ્યે ટીસીની નોકરી માટે હાજર થયેલ નહોતા. બસ કયારે અને કેટલા વાગ્યે ઉપડશે તેનો જવાબ આપવા કોઈ હાજર ન હોવાથી મુસાફરોમાં દોડાદોડી થઈ પડી હતી. કચેરીમાં લાઈટ-પંખા ચાલુ રખાયા હતા પરંતુ ફોનને

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશ હડીયલ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત સાથે આંદોલનની ચીમકી

ઉપર મૂકી દેવામાં આવ્યો હતો. મુસાફરોને પડતી હાલાકીને ધ્યાને લઈ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલે જણાવ્યું કે એસ.ટી. ડેપોમાં અનેક પ્રશ્નો છે અને ડેપો મેનેજર ફોન પણ ઉપાડતા નથી. તેમણે અમદાવાદ સેન્ટ્રલ ઓફિસ દ્વારા તાત્કાલિક તપાસ અને કાર્યવાહીની માંગ કરી છે. જો ડીસી તપાસ નહીં કરે તો ચેમ્બર ઓફ કોમર્સે ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરી આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

યુવાનની હત્યા મુદ્દે પીડિત પરિવારને ન્યાયની માંગણી સાથે અમરેલીમાં આત્મવિલોપનનો પ્રયાસ

અમરેલી, તા.૨૫

અમરેલી-સાવરકુંડલા બાયપાસ પાસે આવેલી દુકાને નમકીન લેવા ગયેલ સમયે થયેલી મારામારીમાં લાઠીના જરખીયા ગામના યુવાનનું મોત થયું હતું. નિલેશ રાઠોડ નામના યુવાનનું સારવાર દરમિયાન ભાવનગર ખાતે મોત નિપજ્યું હતું. પીડિત



પરિવાર ન્યાયની માગણી સાથે ભાવનગર સરકારી હોસ્પિટલ ખાતે બેઠો છે. અમરેલીમાં પણ યુવાનના સમાજના લોકો પીડિત પરિવારને ન્યાય આપવા માટે અમરેલી કલેક્ટર કચેરી એકત્રિત થયા હતા. જેમાં ચારથી પાંચ લોકોએ આત્મવિલોપનનો પ્રયાસ કરતા ફાયર વિભાગે પાણીનો મારો ચલાવ્યો હતો. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કલેક્ટર કચેરીએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

જાફરાબાદ વાળંદ સમાજ દ્વારા સેન મહારાજની જન્મ જયંતી ઉજવાઈ

હનુમાનજી મંદિરે બટુકભોજન અને આરતી કરવામાં આવી

અમરેલી,તા.૨૫

જાફરાબાદ ખાતે વાળંદ સમાજ દ્વારા શ્રી સેન મહારાજની ૭૨૫મી જન્મ જયંતી ધામધૂમથી ઉજવવામાં આવી હતી. આ અવસરે, સર્વ જ્ઞાતિ સમાજ દ્વારા ઠાકોર હનુમાનજી મંદિરે સાંજે ૪:૩૦ કલાકે શ્રી સેન મહારાજનું પૂજન-અર્ચન અને આરતી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે, વાળંદ સમાજ દ્વારા બટુકભોજનનું આયોજન થયું હતું. રાત્રિના સમયે, જ્ઞાતિજનોએ રામધૂન અને ભજન-કીર્તનમાં ભાગ લીધો હતો. આ ધાર્મિક પ્રસંગે અનેક ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી અને સૌએ સાથે મળીને પ્રસાદ ગ્રહણ કર્યો હતો. વાળંદ સમાજે શ્રી સેન મહારાજની જન્મ જયંતીની આસ્થા અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરી હતી.

પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં નવી બસો મોકલવામાં આવી

અમરેલી એસ.ટી.ડિવિઝન દ્વારા મુસાફરો માટે 'ઠોઠા' બસ



અમરેલી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તા. ૨૬ અને તા. ૨૭ ના બે દિવસીય ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. તેઓ તા. ૨૬ ના બપોરે ૩-૩૦ કલાકે કચ્છ પહોંચનાર છે. તેઓ ભૂજમાં બપોરે જંગી જનસભાને સંબોધિત કરશે અને વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે. કચ્છના ભૂજમાં જનસભામાં જનમેદની એકત્ર કરવા સૌરાષ્ટ્રભરમાંથી એસ. ટી.ની ખાસ બસો દોડાવવામાં આવનાર છે. મળતી માહિતી મુજબ ૧૩૦૦ થી વધુ બસ કચ્છમાં લઈ જવાશે જેમાં અમરેલી એસ.ટી. ડિવિઝનની પણ ૧૭૫ બસનો સમાવેશ થાય છે. આ ૧૭૫ બસ ટનાટન મોકલવાનો આદેશ કરવામાં આવ્યો હોવાથી અમરેલી એસ. ટી.ડિવિઝન દ્વારા તમામ નવી બસ મોકલવામાં આવી છે. એક્સપ્રેસ રૂટ ચાલુ રાખવામાં આવ્યા છે પરંતુ મોટાભાગના લોકલ રૂટ બંધ રહેવા પામ્યા છે. એકસપ્રેસ બસમાં સારી બસને બદલે ઠોઠા જેવી બસ દોડાવવામાં આવી હતી. જેના લીધે મુસાફરોને સમયનો વ્યય થયો હતો. લોકલ રૂટ બંધ રહેતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. હજુ સંભવતઃ સોમવારે પણ લોકલ બસ રૂટ બંધ રહે તેવી સંભાવના છે. આમ, પ્રધાનમંત્રીના કાર્યક્રમમાં નવી બસ મોકલવામાં આવતા મુસાફરોને ઠોઠા જેવી એક્સપ્રેસ બસમાં મુસાફરી કરવી પડી હતી. અમરેલી એસ. ટી.ડિવિઝન દ્વારા મોટાભાગની બસો બંધ રહેતા ખાનગી વાહન ચાલકોને બખ્ખા થઈ ગયા હતા.

અનેક રૂટ બંધ રહેતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો











વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

... સ્કોલરશીપ યોજના ...

ધોરણ 8	95% ઉપર	9મું FREE
ધોરણ 9	95% ઉપર	10મું FREE

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...

ધો :- 9 & 10

થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

#કન્યાકેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા, Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ

96645 82254/95863 68637

પંડ્યા મનોજભાઇ, Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025

ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..

ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...

#કન્યાકેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ

93287 12928 / 76 220 220 86

કેસર કેરીના ભાવ ગગડતા હવે ગરીબો પણ કેસર કેરીનો સ્વાદ માણી શકશે

કમોસમી વરસાદથી અમરેલી જિલ્લામાં કેસર કેરીના ભાવ તળીયે

બોક્ષનો ભાવ રૂા.૪૦૦થી ૮૦૦ સુધી બોલાયો, ઈજારદારોને ભારે નુકસાની

અમરેલી,તા.૨૫

સમગ્ર રાજયમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોનો મહામૂલો પાક ધોવાઈ ગયો છે. જેમાં ખાસ કરીને બાગાયતી પાકને ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. બાગાયતી પાકને નુકસાન જતા ઈજારદારોને પણ મોટો ફટકો પડ્યો છે. આ વર્ષે વાવાઝોડા સાથે વરસાદ વરસતા આંબાના બગીચા રાખેલા ઈજારદારોને ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. છેલ્લાં એક મહિનાથી અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. આંબાના ઝાડમાં આ વર્ષે ફાલ ખુબ જ સારો આવ્યો હતો પરંતુ ખરાબ હવામાનને કારણે આ પાક ખરી જતા કેરીના પાકને ખુબ જ નુકસાન થયુ હતું. સામાન્ય રીતે એપ્રિલની શરૂઆતથી જ કેસર કેરીનું આગમન થઈ જતું હોય છે. જયારે કેસર કેરીનું આગમન થયું ત્યારે એક બોક્ષ(૧૦ કિલો)નો ભાવ રૂા.૧૭૦૦થી રૂા.૨૦૦૦ સુધીનો બોલાતો હતો પરંતુ



અમરેલી જિલ્લામાં કેરીના પાક માટેના મુખ્ય તાલુકા એવા ધારી, ખાંભા, સાવરકુંડલામાં પડેલા કમોસમી વરસાદથી કેરીના પાકનો સોથ વાળી દીધો હતો. વાવાઝોડા સાથે કમોસમી વરસાદથી કેરી વૃક્ષ પરથી પડી ગઈ હતી. અચાનક જ આવેલા વાવાઝોડાને કારણે એક ઝાટકે કેરીના ભાવમાં ઘડાડો નોંધાયો હતો. હાલ બજારમાં કેસર કેરીના એક બોક્ષ(૧૦ કિલો) નો ભાવ રૂ.૫૦૦થી રૂ.૮૦૦ સુધીનો બોલાઈ રહ્યો છે. કમોસમી વરસાદને કારણે એક ઝાટકે કેસર કેરીમાં ૬૦થી ૭૦ ટકાનો ભાવ ઘટાડો નોંધાયો હતો. કેરીના ઉત્પાદન માટે કરેલો ખર્ચ પણ ખેડૂતોને પોષાય તેમ નથી. દર વર્ષે આંબાના બગીચા રાખી માવજત કરનારા ઈજારદારો સારા પાકની આશા સેવતા હોય છે પરંતુ કમોસમી વરસાદે ઈજારદારોની આર્થિક કમર ભાંગી નાખી છે. કમોસમી વરસાદને કારણે બાગાયતી પાકને ભારે નુકસાન ગયુ હોવાથી સર્વે કરવા માટે માંગ કરવામાં આવી છે. આ વર્ષે બાગયાતી પાકને ભારે નુકસાન ગયું હોવાથી અમરેલી જિલ્લાને સહાયના નામે ઠેંગો ન મળે તેવી ઈજારદારો આશા સેવી રહ્યાં છે. કેરીના ભાવ ગગડ્યા હોવાથી બજારમાં રૂા.૫૦થી લઈ રૂા.૧૨૦ની કિલોના ભાવે કેરી વેચાઈ રહી છે. જેથી ગરીબો પણ હવે કેરીનો સ્વાદ માણી શકશે.

ધારાસભ્ય મહેશ કસવાળાના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટ હાથ ધરાયો

ધજડીપરા એપ્રોચ રોડના રૂ. ૨૨ લાખના ખર્ચે રિસર્ફેસિંગ કામનો શુભારંભ કરાયો


સાવરકુંડલા, તા.૨૫



સાવરકુંડલા તાલુકાના ધજડીપરા એપ્રોચ રોડ પર રૂપિયા ૨૨ લાખના ખર્ચે થનાર રોડ રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જે ભવિષ્યમાં સુવિધાસભર પરિવહન પૂરું પાડશે અને સ્થાનિકોની પ્રગતિમાં પણ મદદરૂપ થશે. આ શુભ પ્રસંગે, તાલુકા પ્રમુખ જીતુભાઈ કાછડીયાના વરદ હસ્તે શ્રીફળ વધેરીને કામનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિ ચેરમેન લાલભાઈ મોર, તાલુકા ભાજપ મહામંત્રી પ્રકાશભાઈ પાનસુરીયા, યુવા ભાજપ અગ્રણી ભાવેશભાઈ ખૂંટ, ધજડી સરપંચ ભરતભાઈ ધડુક, ભાજપ અગ્રણી દેવરાજભાઈ નાવડીયા તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ રોડના નિર્માણથી વિસ્તારના લોકો જેની લાંબા સમયથી રાહ જોતા હતા તે સુવિધા પૂરી પડશે.

અમરેલી LCBને મોટી સફળતા મળી : પીપાવાવની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

અમરેલી, તા.૨૫



અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ટીમે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એક વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે. LCB ટીમે ચોરીના ડીઝલ સાથે એક આરોપીને ઝડપી પાડી, ચોરીનો કુલ રૂ. ૬,૬૮૫/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમરેલી LCB પો. ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ LCB ટીમ પીપાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન બાતમી હકીકત અને ટેકનિકલ સોર્સના આધારે પીપાવાવ ફોરવે ચોકડી પાસેથી એક શંકાસ્પદ ઈસમ ડીઝલ સાથે ઝડપાયો હતો. પૂછપરછ અને ટેકનિકલ ખરાઈ કરતા, મળી આવેલ ડીઝલ વિકટર ગામે આવેલ દિવાલ બંધ પાર્કિંગમાં અલગ અલગ ટ્રકમાંથી ચોરી કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ ગુનામાં દિનેશ મધુભાઈ બારૈયા, ઉ.વ.૨૫, રહે. છતડીયા, તા. રાજુલા, જિ. અમરેલી નામના આરોપીની ધરપકડ કરી છે. તેની પાસેથી રોકડ રૂ. ૩,૪૦૦/- અને ૩૫ લીટર ડીઝલ (કેરબા સહિત કિંમત રૂ. ૩,૨૮૫/-) મળી કુલ રૂ. ૬,૬૮૫/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

અવસાન નોંધ

બાબરા

બ્રહ્મક્ષત્રિય ભિખાલાલ હીરાલાલ પડીયા (ઉ.વ.૮૭)નું તા.૨૪/૫/૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. તે દિપકભાઈ, બિપીનભાઈ, શૈલેષભાઈ તથા મહેશભાઈનાં પિતા થાય છે. તેમનું ઉઠમણું તા.૨૬/૫/૨૫ના રોજ સાંજે ૪ થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી બાબરા ખાતે રાખેલ છે.


રાજકોટ

ચંદ્રિકાબેન પીઠડિયા (ઉ.વ.૫૫) નું તા. ૨૨ના અવસાન થયેલ છે. તે ગોપાલભાઈ પીઠડિયાના નાના ભાઈ રજનીભાઈના પત્ની, રવિભાઈ, ધર્મેશભાઈ તથા ભૂમિબેનના માતા તથા સ્વ. પોપટભાઈ પીઠડિયાના પુત્રી થાય છે. બેસણું તા. ૨૬ ને સોમવારના સાંજે ૫ થી ૬ કલાકે, મચ્છુ કડિયા સઇ સુતાર જ્ઞાતિ, રામનાથપરા વાડી રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ

દશા સોરઠિયા વણિક હરેશભાઈ લક્ષ્મીચંદ ગાંધી (ઉ.વ.૬૪)નું તા. ૨૩ના અવસાન થયેલ છે. તે ભાવનાબેનના પતિ, ભાવિનભાઇ અને આશિષભાઇના પિતા તથા કોમલબેનના સસરા તેમજ સ્વ. ઇશ્વરલાલ લક્ષ્મીચંદ ગાંધી અને સ્વ. પ્રભુદાસ લક્ષ્મીચંદ ગાંધી, વિરેન્દ્રભાઈ તથા અરવિંદભાઇના નાના ભાઈ તેમજ દીપકભાઈ, રાકેશભાઈ, નિરવભાઈ અને પાર્થ ગાંધીના કાકા થાય છે. સાદડી તા.૨૬ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે, નિવાસસ્થાન હરિ કૃપા હાઇટ્સ, બી-૧૪૦૧, માધાપર ચોકડી પાસે, રત્નમ રોયલ્સની સામે, મોરબી રોડ, અન્ડરબ્રિજ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.





નિત્યા સ્કીન ક્લિનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, ફ્રીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 9313571971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર


ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 9925076561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

અમરેલીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ બાદ ભારે બફારાનો સામનો કરતા લોકો


અમરેલી,તા.૨૫



અમરેલીમાં બે દિવસ પહેલા અચાનક સાડા ત્રણ ઈંચ કમોસમી વરસાદ પડ્યા બાદ આજે આખો દિવસ ભારે ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી અમરેલી પંથકમાં હજુ પણ કમોસમી વરસાદની આગાહી કરી છે, ખાસ કરીને સમુદ્રમાં સર્જાયેલા ચક્રવાતી તોફાનને કારણે સારો વરસાદ થવાની શક્યતા છે. જાફરાબાદ બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હતું અને માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હતી. અમરેલી જિલ્લામાં છેલ્લાં બે દિવસમાં સતત ઉકળાટ અને બફારાનો માહોલ રહ્યો હતો. સતત કમોસમી વરસાદને કારણે હવે ગરમીએ માથું ઉચક્યું છે. હવામાન ખાતાએ આગાહી કરી છે કે અમરેલી જિલ્લામાં સાત દિવસ સુધી કમોસમી વરસાદ વરસી શકે છે. જો કે વરસાદ બાદ પણ અમરેલી જિલ્લામાં ગરમીનું જોર યથાવત રહેલું છે. વાવાઝોડા સાથે વરસાદ વરસ્યા બાદ ભારે બફારાથી લોકો અકળાઈ ઉઠ્યા છે.

રાજુલામાં આંગણવાડી કેન્દ્રોની સ્થિતિ ચિંતાજનક હોવાનું સામે આવ્યું

અમરેલી,તા.૨૫



રાજુલા તાલુકામાં આંગણવાડી કેન્દ્રોની કથળતી સ્થિતિ ચિંતાજનક છે. કુલ ૧૭૧ કેન્દ્રો પૈકી ૫૮ ભાડાના મકાનોમાં કાર્યરત છે, જે યોગ્ય સુવિધાઓના અભાવનો સંકેત આપે છે. તો, સીડીપીઓ અને સાત સુપરવાઈઝરની જગ્યાઓ ખાલી હોવાથી વહીવટી કાર્યબોજ વધી રહ્યો છે. હાલમાં સુપરવાઈઝરને સીડીપીઓનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આંગણવાડી ચેકિંગ માટે વાહનની ગેરહાજરી પણ અધિકારીઓ માટે પડકારરૂપ છે. સૌથી ગંભીર બાબત એ છે કે, સીડીપીઓ કચેરી પણ છેવાડાના ભાડાના મકાનમાં કાર્યરત છે, જેના કારણે આંગણવાડીની બહેનોને કામ માટે ત્યાં પહોંચવામાં મુશ્કેલી પડે છે. અગાઉ એસ.ટી. ડેપો પાસે આવેલી કચેરીનું સ્થળ ત્રીજી વખત બદલવામાં આવ્યું છે, આ સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવો જરૂરી છે જેથી આંગણવાડીની સેવાઓ સુચારુ રીતે ચાલી શકે તે જરૂરી છે.

સાવરકુંડલામાં પ્રૌઢાને ફટકારીને ધમકી આપી

સાવરકુંડલા, તા.૨૫

સાવરકુંડલામાં રહેતી એક પ્રૌઢાને ફટકારીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી.

બનાવ અંગે ભાનુબેન ઘનશ્યામભાઈ પરમાર (ઉ.વ.૬૦)એ નિલેશભાઈ બાબુભાઈ પરમાર, હેતલબેન નિલેશભાઈ પરમાર, રક્ષાબેન તથા યશપાલભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરે હતા ત્યારે આરોપીઓએ આવી ગાળો આપી ફટકાર્યા હતા.

ચારેય જણાએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

ધારી શહેરમાં 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

ધારી, તા.૨૫



ધારી શહેરમાં 'ઓપરેશન સિંદૂર'ના સમર્થનમાં એક ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારી જી.એન. દામાણી હાઈસ્કૂલ ખાતેથી ધારાસભ્ય જે.વી. કાકડીયાએ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. શહેરભરમાં પસાર થતી આ યાત્રા પર ઠેર ઠેર પુષ્પવર્ષા કરવામાં આવી હતી અને દેશભક્તિ ગીતો ગુંજી ઉઠ્યા હતા. તાજેતરમાં પહેલગામમાં નિર્દોષ લોકો પર થયેલા આતંકી હુમલા અને તેના જવાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય સેના દ્વારા 'ઓપરેશન સિંદૂર' અંતર્ગત અનેક આતંકીઓને ઠાર મરાયા બાદ દેશભરમાં આ પ્રકારની તિરંગા યાત્રાઓ યોજાઈ રહી છે. આ યાત્રામાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, મૃગેશભાઈ કોટડીયા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રરક્ષાના સંકલ્પ અને દેશપ્રેમના ભાવ સાથે સંતો, મહંતો, વેપારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં આ યાત્રામાં જોડાયા હતા.

ધારીમાં યુવતીએ સગાઈ તોડાવી નાખશે તેવું મનમાં લાગી આવતા ઝેરી ટીકડા પીધા

ઝેરી ટીકડા પીધા બાદ યુવતીએ સારવાર દરમિયાન દમ તોડ્યો

ધારી, તા. ૨૫

ધારીમાં રહેતી એક યુવતીએ સગાઈ તોડાવી નાખશે તેવું મનમાં લાગી આવતાં ઘઉંમાં નાખવાના ટીકડા પીધા હતા. પ્રવિણભાઈ ધીરૂભાઈ પરમાર (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ તેમને તથા બાજુમાં રહેતા કુટુંબીના પરિવાર વચ્ચે ઝઘડો થયો હતો. જે બાબતે તેમની પુત્રીને સામાવાળા સગાઈ તોડાવી નાંખશે તેવું મનમાં લાગી આવતા ઘઉંમાં નાખવાના ટીકડા પી જતા મરણ પામી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેજ કોન્સ્ટેબલ શિવાભાઈ કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના છાપરી ગામે યુવકને 'પોલીસ ગોતે છે' કહી ગાળો આપી

ઢીકાપાટુ મારીને જાનથી મારવાની પણ ધમકી આપી

રાજુલા, તા.૨૫

રાજુલાના છાપરી ગામે રહેતા એક યુવકને 'પોલીસ ગોતે છે' કહી ગાળો આપવામાં આવી હતી તેમજ ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે રાજુલા છાપરી પ્લોટ વિસ્તારમાં રહેતા અને માલઢોરનો ધંધો કરતા નરેશભાઈ જીકારભાઈ આલ (ઉ.વ.૨૭)એ ડોળીયા ગામના હરદેવભાઈ ભીખાભાઈ હાવળીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને ફોન કરીને કહ્યું હતું કે, 'તને ભાવનગરની પોલીસ ગોતે છે, તું ભાગી જાજે', જેથી તેમણે કહ્યું કે, 'મેં કોઈ ગુનો કર્યો જ નથી તો શું કામ ગોતે છે.' જેથી આરોપીએ કહેલ કે તારે સુરત પોલીસ પાસે જવું પડશે તેવી વાત કરી હતી. જેથી તેમણે ડુંગર પોલીસ સ્ટેશને પોલીસ શું કામ ગોતે છે તે જાણવા માટે ગયા હતા. જેથી આરોપીએ તેમને તું ડુંગર પોલીસ સ્ટેશન શું કામ ગયો હતો તેમ કહી અશ્લીલ ગાળો આપી, માથાના પાછળના ભાગે લાકડીનો એક ઘા માર્યો હતો. ઉપરાંત શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

ડુંગળીના કારખાનામાં રાત્રે મજૂરીએ જતી પત્નીને પતિએ જાનથી મારવાની ધમકી આપી

રાજુલા, તા. ૨૫

રાજુલાના દાતરડી ગામે રહેતી એક મહિલા તેના પુત્ર સાથે મહુવા ડુંગળીના કારખાનામાં રાત્રે મજૂરી કરવા જતી હતી. જે વાત તેના પતિને ગમતી નહોતી. જેથી ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. બનાવ અંગે હંસાબેન લાલાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫)એ પતિ લાલાભાઈ ભાણાભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેનો દીકરો અને દીકરી રાત્રીના સમયમાં મહુવા ખાતે ડુંગળીના કારખાનામાં મજૂરી માટે જતા હતા જે તેના પતિને ગમતું નહોતું. આ બાબતનું મનદુઃખ રાખી આરોપીએ તેને અશ્લીલ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ લાકડીનો એક ઘા માથામાં ઉપરના ભાગે મારી મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

બગસરામાં ઓપરેશન સિંદૂર અંતર્ગત તિરંગા યાત્રા નીકળી

બગસરા, તા.૨૫



ઓપરેશન સિંદૂરની સફળતાને લઈ બગસરામાં ભાજપ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલી જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામ સાદરાણી, બગસરા નગરપાલિકા પ્રતિનિધિ પ્રમુખ એ.વી. રીબડીયા, ભાવેશભાઈ મસરાણી, કમલેશ જોષી સહિત મોટી સંખ્યામાં સંતો, મહંતો અને નાગરિકો જોડાયા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ચૌદસ
તા. ૨૬-૦૫-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૫:૨૫,
સૂર્યાસ્ત-૦૭:૧૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

દૈનિક રાશિફળ

તા.૨૬-૦૫-૨૦૨૫ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો.

મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

કર્ક: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

સિંહ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવનું તમારા પર વર્ચસ્વ ના થવા દો.

વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે.

ધન: આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મકર: આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે.

ધારી શહેરનો બનાવ

'તું અમારા ઘરે કેમ ડોકા કાઢતો હતો' તેમ કહી માથામાં પાઈપ મારી જાનથી મારવાની ધમકી આપી

બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

ધારી, તા. ૨૫

ધારી શહેરમાં 'તું અમારા ઘરે કેમ ડોકા કાઢતો હતો' તેમ કહી યુવકને માથામાં પાઈપ મારી જાનથી મારવાની ધમકી આપી હતી. ઘટના સંદર્ભે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. મહેન્દ્રભાઈ દિનેશભાઈ પરમાર (ઉ.વ.૩૦)એ નરેશભાઈ પ્રવિણભાઈ પરમાર તથા પ્રવિણભાઈ ધીરૂભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના બાળકોને પોતાના પિતાના ઘરે તેડવા ગયા હતા. તેના બાળકો સુઈ ગયા હોવાથી પોતાની ભાગવી રાખેલી વાડી પોલરા ફાર્મએ જતા હતા તે વખતે વાડી સામે પહોંચતા આરોપીઓ તેમની પાસે આવ્યા હતા. તેમને કહ્યું કે, 'તું અમારા ઘરે કેમ ડોકા કાઢતો હતો' તેમ કહી લોખંડના પાઈપથી વાંસાના ભાગે મુંઢમાર મારતા હતા. આ સમયે તેમના માતા વચ્ચે પડતા તેને પણ માથામાં પાઈપ મારી દઈ લોહી કાઢી આઠ ટાંકા લાવી અશ્લીલ ગાળો આપી હતી તેમજ તેમને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રંજનબેન પ્રવિણભાઈ પરમાર (ઉ.વ.૪૫)એ મહેન્દ્રભાઈ દિનેશભાઈ પરમાર, હંસાબેન દિનેશભાઈ પરમાર તથા સંજયભાઈ દિનેશભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરે હતા ત્યારે મહેન્દ્રભાઈ દિનેશભાઈ પરમાર તેમના ઘર પાસે આવી ખાખા-ખોળા કરતો હોય અને ઘરમાં ડોકા કાઢતો હતો. જેથી તેમણે પોતાના પતિ અને દીકરાને આ બાબતે કહેતા તેઓ બંને ઠપકો આપવા ગયા હતા. આરોપીઓએ લાકડીઓ લઈ આવી સાહેદ પ્રવિણભાઈને મોઢા ઉપર મારી હતી. ઉપરાંત સાહેદોને અશ્લીલ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શિવાભાઈ કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલામાંથી ત્રણ જુગારી રોકડા ૩૫૫૦ સાથે ઝબ્બે

રાજુલા, તા.૨૫

રાજુલામાંથી પોલીસે ત્રણ જુગારીને રોકડા રૂપિયા ૩૫૫૦ સાથે ઝડપ્યા હતા. મફતપરામાંથી જેન્તીભાઈ પ્રેમજીભાઈ ગોરા, રાજુભાઈ જાદવભાઈ ગોરા તથા મયુરભાઈ જેન્તીભાઈ સરવૈયા રાજુલા વડલી રોડ મફતપરા વિસ્તારમાં રામાપીરના મંદિર પાસે જાહેરમા ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા રોકડ રકમ રૂ.૩૫૫૦ સાથે ઝડપાયા હતા.

ખાંભાના માલકનેસ ગામે હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા યુવકનું ભીંત સાથે માથું ભટકાવ્યું

જાનથી મારવાની ધમકી પણ આપી

ખાંભા, તા. ૨૫

ખાંભાના માલકનેસ ગામે હાથ ઉછીના આપેલા પૈસા પરત માંગતા યુવકનું ભીંત સાથે માથું ભટકાવ્યું હતું તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે ભરતભાઈ નરશીભાઈ બારૈયા (ઉ.વ.૨૬)એ ગૌતમભાઈ જગુભાઈ બોરીચા, ખોડુભાઈ નનકુભાઈ બોરીચા તથા સંજયભાઈ હમીરભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પાંચેક મહિના પહેલા ગૌતમભાઈ બોરીચાને રૂ.૩૦૦૦ હાથ ઉછીના આપ્યા હતા. જે પૈસા તેમણે પરત માંગતા સારૂ નહોતું લાગ્યું અને ગાળો આપી ઝઘડો કર્યો હતો. આ ઉપરાંત તેમના ઘરે ગેરકાયદે પ્રવેશ કરી તેની માતાને જમણા હાથની છેલ્લી ત્રણ આંગળીઓમાં ચાકુ જેવું હથિયાર મારી ચરકો પાડી લોહી કાઢી ઈજા કરી હતી. તેમના પિતાને ઢસડી હાથે છોલાણ કરી ઢીકા પાટુનો મુંઢમાર માર્યો હતો. જેથી તેઓ તથા તેના માતા-પિતા સરકારી દવાખાને સારવારમાં દાખલ થયા હતા ત્યારે આ કામના ત્રણેય આરોપીઓ મોટર સાઈકલ લઈ આવ્યા હતા અને કેસ કરવાની ના પાડી ભીંત સાથે તેમનું માથું ભટકાવી લોહી કાઢીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

ચિતલ આઉટ પોસ્ટ ખાતે સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ

અમરેલી, તા.૨૫



સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલીના અનામર્ડ હેડ કોન્સ્ટેબલ નૈતિકભાઈ બાબરીયા તથા પોલીસ કોન્સ્ટેબલ સમીરભાઈ ખાન દ્વારા તા.૨૪/૦૫/૨૦૨૫ના રોજ અમરેલી તાલુકાના ચિતલ આઉટ પોસ્ટ ખાતે ગ્રામજનોને સાયબર અંગે માહિતી આપવા માટે સાયબર ક્રાઈમ અવેરનેસ લગત પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ લોકો સાથે વિવિધ રીતે થતા સાયબર ક્રાઈમ ફ્રોડ, જેવા કે સ્ક્રીન શેરિંગ એપ, ઓ.ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, ન્યુડ વીડિયો કોલ, આર્મીમેનનું નામ ધારણ કરવું જેવી વિવિધ તરકીબોથી લોકો ભોગ બનતા હોય છે જે અંગે તેઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે તથા સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાય તેવા હેતુસર સાયબર ક્રાઈમ પ્રિવેન્શન તથા સાયબર અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષીત રહેવા માટે અપીલ કરવામાં આવી હતી.

તંત્રી લેખ

ગ્રાન્ટેડ શિક્ષણ સંસ્થાઓ જરૂરી


શિક્ષણ માટે ભારત સરકારે અનેક યોજનાઓ તૈયાર કરી છે તેમાં સૌથી વધુ મહત્વની છે ગ્રાન્ટેડ શિક્ષણ સંસ્થાઓ જે વર્તમાન સમયમાં સૌથી વધુ જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ સારી રીતે શિક્ષણ લઈ શકે તેવા શુભ હેતુથી આઝાદી બાદ ગ્રાન્ટેડ કોલેજો ચાલુ કરવામાં આવી હતી. સારા હેતુથી ચાલુ કરવામાં આવેલી આ શિક્ષણ સંસ્થાઓ મરવાના વાંકે જીવી રહી છે. સરકાર આવી સંસ્થાઓને ચાલુ રાખવામાં રસ ધરાવતી નથી કારણ કે તેનો આર્થિક બોજો વધુ છે. સેવા કરવાના હેતુથી સ્થપાયેલી, સતત સેવા કરી રહેલી આવી શિક્ષણ સંસ્થાઓ હવે મરવા પડી છે. બીજા શબ્દમાં કહીએ તો તેનો નાભિશ્વાસ ચાલી રહ્યો છે. અહીં પ્રાથમિક સુવિધાનો અભાવ છે, સ્ટાફ પણ અપૂરતો છે. ઓછી નહીં પણ સાવ સામાન્ય ફી લઈને ચાલતી આ ગ્રાન્ટેડ કોલેજોનો ભાર સરકાર ઉઠાવવા માંગતી નથી અને સંચાલકો દર વર્ષે મોટો ખર્ચ કરીને ચલાવી શકે એમ નથી, માટે ઘણી કોલેજો બંધ પડી ગઈ છે અને ઘણી કોલેજો મરવા પડી છે.


ગ્રાન્ટેડ કોલેજની પરિસ્થિતિ આમ થવા પાછળનાં કારણો કયાં? મુખ્ય કારણ આર્થિક જ છે. આઝાદી પછી દેશમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. સરકારને મદદ કરવાના હેતુથી સમાજની સેવા કરવા અનેક શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ, જેમાં જમીન અને મકાન સ્થાનિક ટ્રસ્ટ આપે, કર્મચારીઓને પગાર અને શૈક્ષણિક સુવિધા માટેની સહાય સરકાર આપે. શરૂઆતમાં બન્ને પક્ષમાં ઉત્સાહ હતો. સારી રીતે ચાલવા લાગ્યું પણ સરકારની આર્થિક સહાય કરવાની નીતિ અને કર્મચારીઓની નિમણૂક કરવાની નીતિને કારણે મોટાભાગના ટ્રસ્ટ આર્થિક રીતે બેહાલ થવા લાગ્યા. તેમનાથી ખેંચાય એટલું ખેંચે રાખ્યું, પણ હવે તેઓ હાંફી ગયા છે, વધારાનો ખર્ચ કરી શકે એમ નથી. ઉદાહરણ રૂપે જોઈએ તો, કેટલાંય વર્ષોથી કોલેજોમાં ભરતી થઈ નથી. આ માટે સરકારે ખાનગી એજન્સીઓને કામ સોંપ્યું છે. જ્યાં ભ્રષ્ટાચાર દેખાય છે. સેવા કરવા માંગતા ટ્રસ્ટ સ્વાભાવિક છે કે ભ્રષ્ટાચારમાં ના જ પડે. અંતે પોતાના ખર્ચે સેવક અને સ્વિપર રાખે. ઉપરાંત ક્લાર્ક કે અધ્યાપકોની નિમણૂકો સમયસર થતી નથી. વહીવટી અને શૈક્ષણિક કામ બગડે નહીં એટલે પોતાના ખર્ચે સ્ટાફ રાખે. આવું લાંબો સમય ચાલે છે. જે સારા નાના ટ્રસ્ટને પોષાય જ નહીં. ઉપરાંત દર વર્ષે મકાનની મરામત, લાઈટ અને પાણીનો ખર્ચ, સ્ટેશનરી ખર્ચ, સરકારના ટેક્સ વગેરે તો ખરા જ. એ માટે સરકાર તરફથી ખૂબ જ મામૂલી ગ્રાન્ટ મળે, જેમાંથી લાઈટ અને પાણીનો જ ખર્ચ નીકળે.

આમ, આ સંસ્થાઓ સારો એવો નફો રળે છે. સરકારને કોઈ વાંધો નથી, કારણ કે સરકારે ત્યાં કોઈ જવાબદારી નિભાવવાની નથી. બીજી બાજુ ગ્રાન્ટેડ કોલેજો પાસે સેલ્ફ ફાયનાન્સ જેવાં મકાનો કે પૈસા નથી. બીજી રીતે કહીએ તો મોટાભાગની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં ભવ્યતા છે, શિક્ષણની ગુણવત્તા ઊંચી દેખાડવામાં આવે છે અને આના કારણે કોચિંગ ક્લાસોની નવી સિસ્ટમ શરૂ થઈ છે જે કમાણી કરવાનું સૌથી મોટું સાધન બની ગયું છે જેને કારણે શિક્ષકો અને શિક્ષણ સંસ્થાઓને તગડો નફો મળે છે. આની સામે વાલીઓનો અવાજ કોઈ સાંભળતું નથી. વાલીઓ પણ બિચારા બની ગયા છે કારણ કે તેના બાળકનું ભાવિ આ શિક્ષણ સંસ્થાઓના માંધાતાઓના હાથમાં હોય છે તે જો જરાક ઉંચો અવાજ કરે તો વિદ્યાર્થીનું ભાવિ તે લોકો બગાડી શકે તેમ હોવાથી વાલીઓ બિચારા બનીને રહી ગયા છે.

સરકારે ખર્ચ ઓછો કરીને ગ્રાન્ટેડ કોલેજોને જીવાડવી હોય તો ઉપાય પણ છે. જે ઉપાય છે વિદ્યાર્થીઓની ફી વધારવાનો. હા, સેલ્ફ ફાયનાન્સ જેટલી ફી નથી વધારવી તેનાથી અડધી પણ નહીં અને દસમા ભાગ જેટલી ફી લેવામાં આવે તો પણ ગ્રાન્ટેડ કોલેજો ખુલ્લા મન અને ઉત્સાહથી કામ કરે.

ચીજવસ્તુઓના ભાવ દર વર્ષે વધે છે, સરકારી ટેક્સ દર વર્ષે વધે છે, મોંઘવારીના આંકડા દર વર્ષે વધે છે તેને આધારે ગ્રાન્ટેડ કોલેજોની ફી અને અપાતી સહાયમાં પણ દર વર્ષે વધારો કરવો જોઈએ. અત્યારે તો વીસ-પચીસ વર્ષે સહાયમાં સામાન્ય વધારો કરવામાં આવે છે એ નીતિ બદલવી જોઈએ. આમ થાય તો ગ્રાન્ટેડ કોલેજો બે વર્ષમાં જ ધમધમતી થઈ જાય. આ ઉપરાંત અન્ય રસ્તાઓ પણ સમાજ અને સરકારે શોધવા જોઈએ. ગુણવત્તા વધારવા ખર્ચ કરવો જ પડે. સરકાર પાસે કંજૂસાઈ કરવા માટે અનેક ક્ષેત્ર છે, જેમાંથી શિક્ષણ અને આરોગ્યને બાકાત રાખવા જોઈએ, કારણ કે આ બન્ને ક્ષેત્ર વ્યક્તિનાં જીવન અને સમાજમાં શાંતિ માટે સીધી રીતે સંકળાયેલા છે.





ઉંમર સંબંધિત પ્રશ્નો.....

નમસ્કાર મિત્રો,

આજે આપણે જોઈશું

'ઉંમર સંબંધિત પ્રશ્નો'

આ પ્રકારના પ્રશ્નોના ઉકેલ માટે તમારી પાસે સુરેખ સમીકરણ એટલે કે એક અજ્ઞાત (ચલ) ના સમીકરણનાં ઉકેલની રીત તેમજ બે અજ્ઞાત (દ્વિચલ) સમીકરણનો ઉકેલ કેવી રીતે મેળવી શકાય તેની જાણકારી હોવી જરૂરી છે.

ઉંમર સંબંધી કેટલાક યાદ રાખવા જેવા જરૂરી મુદ્દાઓ જોઈએ.

- જો કોઈ વ્યક્તિની હાલની ઉંમર **x** વર્ષ હોય, તો **n** વર્ષ પછી તેની ઉંમર **(x + n)** વર્ષ થશે.
- જોઈ કોઈ વ્યક્તિની હાલની ઉંમર **x** વર્ષ હોય, તો **n** વર્ષ પહેલા તેની ઉંમર **(x - n)** વર્ષ હશે.
- જો કોઈ વ્યક્તિની **p** વર્ષ પહેલા ઉંમર **x** વર્ષ હોય, તો **q** વર્ષ પછી તેની ઉંમર **(x+p+q)** વર્ષ થશે.
- જો કોઈ વ્યક્તિની **p** વર્ષ પછીની ઉંમર **x** વર્ષ હોય, તો **q** વર્ષ પહેલાની તેની ઉંમર **(x-p-q)** વર્ષ હશે.
- કોઈ બે વ્યક્તિ વચ્ચે ઉંમરનો તફાવત દરેક તબક્કે એટલે કે અમુક વર્ષ પહેલા કે અમુક વર્ષ પછી હંમેશા સમાન જ રહે છે.
- જો બે વ્યક્તિની હાલની ઉંમરનો ગુણોત્તર આપેલો હોય અને હાલની ઉંમરનો સરવાળો આપેલો હોય, તો બંનેની હાલની ઉંમર શોધી અમુક વર્ષ પછી કે અમુક વર્ષ પહેલાની ઉંમરનો ગુણોત્તર શોધી શકાય.
- બે વ્યક્તિઓની ઉંમરનો ગુણોત્તર સમય સાથે બદલાઈ જાય છે.

હવે કેટલાક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ ૧:- ૩ વર્ષ પહેલા પ્રણવની ઉંમર ૧૩ વર્ષ હતી. તો ૧૩ વર્ષ બાદ તેની ઉંમર કેટલી હશે ?

(A) 26 વર્ષ **(B) 29** વર્ષ **(c) 23** વર્ષ **(D) 16** વર્ષ

ઉકેલ : ૩ વર્ષ પહેલા પ્રણવની ઉંમર ૧૩ વર્ષ હતી. તેથી તેની હાલની ઉંમર **13 + 3 = 16** વર્ષ, **13** વર્ષ બાદ તેની ઉંમર **16 + 13 = 29** વર્ષ

Ans.(B)

ઉદાહરણ ૨:- ત્રણ મિત્રોની ઉંમરનો સરવાળો **x** વર્ષ પહેલા **y** વર્ષ હતો, તો અત્યારે તેમની ઉંમરનો સરવાળો કેટલા વર્ષ થાય ?

(A) 3x - y (B) 3y - x (c) 3x + y (D) x + 3y

ઉકેલ: ત્રણ મિત્રોની ઉંમરની સરવાળો **x** વર્ષ પહેલા **y** વર્ષ હતો. **x** વર્ષ પછી ત્રણે મિત્રોની ઉંમરના **3x** વર્ષનો વધારો થશે. તેથી હાલની ઉંમરનો સરવાળો **3x + y** વર્ષ થશે.

Ans.(C)

ઉદાહરણ ૩:- ઋત્વિકની હાલની ઉંમર અને પાંચ વર્ષ પછીની ઉંમરનો સરવાળો ૩૫ છે. તો તેની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 25 વર્ષ **(B) 30** વર્ષ **(c) 15** વર્ષ **(D) 20** વર્ષ

ઉકેલ: ધારોકે ઋત્વિકની હાલની ઉંમર **x** વર્ષ છે. પાંચ વર્ષ પછી તેની ઉંમર **x + y** વર્ષ થશે. હાલની ઉંમર અને પાંચ વર્ષ પછીની ઉંમરનો સરવાળો **35** છે.

: x + (x + 5) = 35

: 2x +5 = 35

: 2x = 30

: x = 15 વર્ષ

Ans.(C)

ઉદાહરણ ૪:- રામ અને શ્યામની હાલની ઉંમરનો ગુણોત્તર ૪ : ૫ છે. જો ૪ વર્ષ પછી રામની ઉંમર ૪૦ વર્ષ થશે. તો આજથી ૧૦ વર્ષ પહેલા શ્યામની ઉંમર કેટલી હશે ?

(A) 36 વર્ષ **(B) 45** વર્ષ **(c) 30** વર્ષ **(D) 35** વર્ષ

ઉકેલ : રામ અને શ્યામની હાલની ઉંમરનો ગુણોત્તર ૪:૫ છે. તેથી રામની હાલની ઉંમર **= 4x** અને શ્યામની હાલની ઉંમર **= 5x** લઈએ. **4** વર્ષ પછી રામની ઉંમર **40** વર્ષ થશે.

તેથી **4x + 4 = 40**

: 4x = 36

: x = 9

આજથી ૧૦ વર્ષ પહેલા શ્યામની ઉંમર **= 5x - 10** વર્ષ હશે.

x = 9 મૂકતા, શ્યામની ઉંમર **= 5 (9) - 10 = 35** વર્ષ હશે.

Ans.(D)

ઉદાહરણ ૫ : પિતા અને પુત્રની ઉંમરનો સરવાળો ૪૮ વર્ષ છે. ૧૨ વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા બમણી થશે. તો હાલ પુત્રની ઉંમર કેટલી હશે ?

(A) 12 વર્ષ **(B) 14** વર્ષ **(c) 16** વર્ષ **(D) 18** વર્ષ

ઉકેલ : ધારોકે હાલની પિતાની ઉંમર **x** વર્ષ અને પુત્રની હાલની ઉંમર **y** વર્ષ છે.

: x + y = 48 ..... (1)

12 વર્ષ પછી પિતાની ઉંમર **x + 12** વર્ષ અને પુત્રની ઉંમર **= y + 12** વર્ષ થશે. ૧૨ વર્ષ પછી પિતાની ઉંમર પુત્રની ઉંમર કરતા બમણી થાય છે.

: x + 12 = 2 (y + 12)

: x + 12 = 2y + 24

: x - 2y = 12.....(2)

હવે, સમી (૧) અને ૨ ને ઉકેલીએ,

x + y = 48

x - 2y = 12 ((૧) માંથી (૨) બાદ કરતા)

3y = 36

: y = 12 વર્ષ

Ans.(A)

ઉદાહરણ ૬: પિતા અને પુત્રીની હાલની ઉંમરનો ગુણોત્તર ૩:૧ છે. ૪ વર્ષ પહેલા તે ગુણોત્તર ૪:૧ હતો. તો પિતા અને પુત્રીની આજથી ૨ વર્ષ પછીની ઉંમરની સરેરાશ કેટલી થશે ? **(GPSC 1 - 2)**

(A) 25 વર્ષ **(B) 26** વર્ષ **(c) 28** વર્ષ **(D) 30** વર્ષ

ઉકેલ : પિતા અને પુત્રીની હાલની ઉંમરનો ગુણોત્તર ૩:૧ છે. તેથી પિતાની ઉંમર **૩x** અને પુત્રીની ઉંમર **x** વર્ષ લઈએ.

૪ વર્ષ પહેલા પિતાની ઉંમર **3x - 4** અને પુત્રીની ઉંમર **x - 4** વર્ષ થશે.

પરંતુ ૪ વર્ષ પહેલા તે ગુણોત્તર ૪:૧ હતો. તેથી

3x - 4 / x - 4 = 4/1, તેથી **3x - 4 = 4x - 16**

સમી. ઉકેલતા **x = 12** મળશે.

તેથી પિતાની હાલની ઉંમર **3x = 3 x 12 = 36** વર્ષ

પુત્રીની હાલની ઉંમર **x = 12** વર્ષ

૨ વર્ષ પછી પિતાની ઉંમર **36 + 2 = 38** વર્ષ અને

પુત્રીની ઉંમર **12 +2 = 14** વર્ષ થશે.

સરેરાશ ઉંમર **= 38 + 14 / 2 = 26** વર્ષ

Ans.(B)

ઉદાહરણ ૭ : **p** ના લગ્ન ૮ વર્ષ પહેલા થયા હતા. તેની હાલની ઉંમર તેની લગ્ન સમયની ઉંમર કરતા ૧૨૦ ટકા જેટલી છે. તેના લગ્ન સમયે તેની બહેન તેના કરતા ઉંમરમાં ૧૦ વર્ષ નાની હતી. તો તેની બહેનની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 38 વર્ષ **(B) 42** વર્ષ **(c) 48** વર્ષ **(D) 44** વર્ષ

ઉકેલ : ધારો કે **p**ની લગ્ન સમયે ઉંમર **x** વર્ષ હતી.

તેથી **p** ની હાલની ઉંમર **= x + 8** વર્ષ

હાલની ઉંમર લગ્ન સમયની ઉંમર કરતા ૧૨૦ ટકા જેટલી છે.

તેથી **x + 8 = x** ના **120 %**

તેથી **x + 8 = 120/100 x X**

સમી. ઉકેલતા **x = 40** વર્ષ

લગ્ન સમયે તેની બહેનની ઉંમર **= 40 - 10 = 30** વર્ષ

તેથી બહેનની હાલની ઉંમર **= 30 + 8 = 38** વર્ષ

Ans.(A)

હવે નિચેના પ્રશ્નો સ્વપ્રયત્ને ઉકેલો

1. A અને **B** ની હાલની ઉંમરનો ગુણોત્તર **6:7** છે. **6** વર્ષ બાદ **15:17** થાય છે. તો હાલ **B** ની ઉંમર કેટલી હશે ?

(A) 20 વર્ષ **(B) 25** વર્ષ **(c) 28** વર્ષ **(D) 30** વર્ષ

2. ૫ બાળકોની ઉંમરનો સરવાળો ૫૦ વર્ષ છે. બાળકોનો જન્મ ક્રમશ : ૩ વર્ષના અંતરાલમાં થયેલ હોય, તો સૌથી નાના બાળકની ઉંમર શોધો.

(A) 8 વર્ષ **(B) 4** વર્ષ **(c) 5** વર્ષ **(D) 6** વર્ષ

3. A, B અને **C** ની હાલની ઉંમરનો સરવાળો ૧૮૦ વર્ષ છે. ૧૨ વર્ષ પહેલા તેમની ઉંમરનો ગુણોત્તર **1 : 2 : 3** હતો. તો **C** ની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 66 (B) 72 (c) 70 (D) 84

જવાબ **1. C 2. B 3. D**

કારકિર્દી માર્ગદર્શન

- અમરેલી ગણિત વર્તુળ

સૂર્યકાંત પાઠક

મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭

અણધારી આકાશી આફત : માવઠાની મોકાણ !

ભર ઉનાળે વરસાદ પડે એટલે માવઠું થયું કહેવાય. સામાન્ય રીતે માવઠું એકાદ બે દિવસ વરસીને જતું રહેતું હોય પણ આ તો સો વર્ષનાં ઇતિહાસમાં આવું કોઈને સાંભરણમાં નથી કે એક મહિનાનું માવઠું હોય. હવે તો દરરોજ સૌને પૂછવાની ટેવ પડી ગઈ છે કે આજે બપોર પછી ક્યાં વરસ્યો? બધાને આમ તો એવું કહેતા સાંભળેલ કે વરસાદ વરસ્યો ભલો પણ એ વાત ચોમાસાને લાગુ પડતી હશે. આ માવઠાએ તો મોકાણ કરી છે બધા માટે. કેમકે અત્યારે તો ખાસ કરીને ઉનાળાનું રાજા ફળ એટલે કેરીની ફૂલ સિઝન ગણાય અને તડકા પડે એમ કેરીનું ફળ સારું પાકે. પરંતુ આ વર્ષે તો કેરીનો ખેલ ખતમ કરી નાખ્યો આ માવઠાએ. બગીચાના માલિકથી માંડીને કેરીના રસિયા સુધી સૌનાં માટે માવઠાએ મુસીબત સર્જી. એક તો પવનમાં ફાલ ખરી જવાથી ઉત્પાદન ઓછું આવશે પણ એની સામે માલની સોર્ટેજ રહેવાથી ભાવ ઊંચા આવશે એવી ગણતરી પણ આંબાવાડી વાળાની ઊંધી પડી. કારણ કે રોજ પડતા વરસાદમાં કેરી પલળવાથી બગડી જાય એટલે ઉલટાની સાવ સસ્તા ભાવે કાઢી નાખવી પડે નહિતર સાવ બગડી જાય. બીજી બાજુ ખાવાવાળા વર્ગને એમ હતું કે આ સિઝનમાં કેરી ખૂબ મોંઘી રહેશે એટલે ઓછી ખવાશે. એની એ ગણતરી પણ સાવ ઊંધી પડી. કેમ કે વરસાદમાં પલળી ગયેલો માલ એકસાથે બજારમાં આવતા સાવ સસ્તી મળવા છતાં જાજી લઈ શક્યા નહિ. આ રીતે ખૂબ સસ્તી મળતી હોવા છતાં સિઝન ટૂંકાઈ જવાથી દર વર્ષ જેટલી ખાઈ શકાય એમ નથી. વળી ગયા વર્ષે ચોમાસામાં વરસાદ સારો હતો એટલે કૂવા અને દારમાં પાણી ઉનાળા સુધી ટકી રહેલા હોવાથી મોટાભાગના ખેડૂતોએ ઉનાળું વાવેતર ગણતરીપૂર્વક કરેલું. જેમાં ખાસ કરીને ઉનાળામાં પાકતી ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીની દશા બેસાડી દીધી આ માવઠાએ. ઉનાળું તલ અને કઠોળની પણ આવી જ હાલત થઈ. ખેતી પાકની હાલત બગડે એટલે ખેડૂત અને ખેતી પર નિર્ભર લોકોની પણ હાલત કફોડી થાય. પાકેલો માલ બગડે એટલે ફાયદો તો એકબાજુ રહ્યો નુકસાની ડબલ થાય. ખેતી ખર્ચની સાથે મજૂરી ખર્ચ વધી જાય. આ તો વાત થઈ ખાલી વરસાદની પણ એમાંય વચ્ચે વચ્ચે વાવાઝોડા આવી જાય એટલે મકાન, જમીન, વૃક્ષો, ટપક લાઈન, ઈલેક્ટ્રિક લાઈન, રોડ રસ્તા વગેરે તમામ બાબતોની નુકસાની થાય છે. બધી બાજુથી બધા લોકોને માર પડે છે. વારંવાર આવતા માવઠાએ અને વાવાઝોડાએ લોકોની સાથે તંત્રને પણ હાલાકી ભોગવતું કરી દીધું છે. રોજબરોજની રૂટિન કામગીરી પણ સમયસર પૂરી થતી ના હોય અને આવી આપાતકાલીન વધારાની કામગીરી કરવામાં લાંબા ગાળાની ખૂબ મોટી તકલીફ લોકોને ભોગવવી પડે છે. વાવાઝોડામાં રોડ પર પડી ગયેલા વૃક્ષો અને ઈલેક્ટ્રિક તાર અને પોલના સમારકામ કરવા માટે લોકોને, તંત્રને અને કર્મચારીના ફેમિલીને પણ ખૂબ મુશ્કેલી વેઠવી પડે છે. મોટાભાગના વિસ્તારમાં તો અત્યાર સુધીમાં વાવણી થઈ જાય એટલો વરસાદ વરસી ગયો છે પણ વાવેતર માટેનો સમય હજી વહેલો ગણાય એટલે ખેડૂતો દ્વિધામાં મુકાઈ જાય છે. વાવીશું તો ફાવીશું કે પસ્તાઈશું એ છાપ-કાટના જુગાર જેવી હાલત થઈ છે. ઘરવિહોણા





તંબુ તાણીને રહેતા લોકો માટે આવા કમોસમી માવઠા મહા મુસીબત સર્જે છે. કેમકે નાના બાળકોને આવા તંબુમાં એકલા મૂકીને સવારે મજૂરી કામે નીકળતા મા-બાપ સાંજના સમયે અચાનક ફુંકાતા વાવાઝોડામાં ફસાઈ જાવાના કારણે મોડી રાત કે સવાર સુધી ઘરે પહોંચી શકતા નથી ત્યારે એમની માનસિક હાલત કેવી થતી હશે! તંબુ કે ઝૂંપડા પવનમાં ઊડી જાય અને વરસતા વરસાદ, પવનના સૂસવાટા, વીજળીના કડાકા-ભડાકા વચ્ચે બાળકો માટે કુદરતી આશરો એટલે ઉપર આભ અને નીચે ધરતી સિવાય કશો આધાર રહેતો નથી. સામે અધવચ્ચે રસ્તામાં મા-બાપ માટે પોતાના રક્ષણની સાથે ઘરે રહેલા બાળકોની ચિંતા કેટલી બિહામણી હશે? હેમખેમ ઘરે આવ્યા પછી પણ નવા ઘરની વાત તો દૂર બાળકોની હાલત, ઘરવખરી, રસોઈની સામગ્રી આ બધું એકઠું કરવા માટે શું શું વીતતી હશે એના પર! દિવસ આખો તનતોડ મહેનત કરીને રાતે વહેલા-મોડા ઘરે આવીને બટકું રોટલો ખાઈને આરામ કરવાને બદલે અસ્ત-વ્યસ્ત થયેલ આશરો ઠીક કરવામાં રાત આખી નીકળી જતી હશે. કેવી કફોડી સ્થિતિનું સર્જન આ અણધારી આકાશી આફતના લીધે થાય છે! ખુલ્લા વાહનનો ધંધો કરતા લોકો અને એમાં મુસાફરી કરતા લોકો જતાં આવતા રસ્તામાં હોય અને અચાનક આવું ભયાનક વાવાઝોડું ઉપડે ત્યારે નજીકનો આશરો ન મળે ત્યાં સુધી સૌના જીવ પડીકે બંધાઈ રહેલા રહે છે. હમણાં તાજેતરમાં આવેલ આવા વાવાઝોડાના જાતે જોયેલા દ્રશ્યો, જાત અનુભવની વાતો એકબીજા સાથે કરતા કરતા વાવાઝોડાની મોકાણ જેવા શબ્દો અનેકના મુખેથી નીકળી જાય છે. કેટલીક જોયેલી, સાંભળેલી અને અનુભવેલી વાતો પણ આવનારા સમયમાં આપણા માટે સતર્કતા અને સાવચેતી સાથે ભવિષ્યમાં કુદરતી કરિશ્મા સામે અનુકૂળ બચાવ માટે ઉપયોગી સાબિત થાય એ જ હેતુ સાથે અસ્તુ.



મનન ચિંતન
ભરત બાવીશી

ખેડૂતો લાઈનમાં ઉભા રહી હાથ કેમ લાંબા કરે છે ? હક્ક માંગો

સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતું કે, આ હિન્દુસ્તાનની ધરતી ઉપર છાતી કાઢીને ચાલવાનો અધિકાર ખેડૂતોને છે. છતાં આજે ખેડૂતોને લાઈનમાં ઉભા રહેતા અને હાથ લાંબો કરી માંગતા જોઉ છું તો મારી આંતરડી કકળી ઉઠે છે. આ શબ્દો છે જૈફ વયના પ્રગતિશીલ ખેડૂત ગફારભાઈ મહમંદભાઈ કુરેશીના. તેઓ ગાંડી ગીરના સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના રમરેચી ગામના ખેડૂત છે. પિતા મહમંદભાઈ પાસે ૧૦ વિઘા જમીન હતી. તેમાં ૫૦થી વધારે વિવિધ ફળ-વૃક્ષો વાવેલા હતા. વાડીમાં કૂવો અને કોસથી પાણી કાઢી વૃક્ષોને પાય અને પિયત સાથેની ખેતી કરે છે. આજુબાજુનાં પરગણાવાળા લોકો મહમંદભાઈને બાગવાળા તરીકે ઓળખે. મહમંદભાઈએ ૯૦ વર્ષે દુનિયા છોડી ત્યાં સુધી રોજ સવારે ફૂલો ઉતારી ફૂલોનો પડીયો બનાવી વૈષ્ણવ સંપ્રદાય સહિતના વિવિધ ધર્મોના લોકોને ભગવાનને ચડાવવા ફૂલો આપીને સેવા કરતા. મહમંદભાઈ એ સમયમાં જે ખેડૂતો વૃક્ષો વાવે તેને કોહ ચલાવી વિનામૂલ્યે પાણી આપતા તેના આ સંસ્કારો આજે ગફારભાઈમાં જોવા મળી રહ્યા છે.

ગફારભાઈ કહે છે, 'પિતાજી કહેતા કે છોકરાવ આ વનસ્પતિ અને વૃક્ષો એ ખુદા, ભગવાન, ઈશ્વર છે. જો તમે દિલ દઈને વૃક્ષો-વનસ્પતિની ખેતી કરશો તો જરૂર સફળતા મળશે. પ્રકૃતિ અને આયુર્વેદિક વનસ્પતિને જાણો અને ઓળખો. જાણવા માટે નાનપ, શરમના અનુભવો છોડીને હકિમો, વૈદ્ય, માળી પાસે જઈને વનસ્પતિનું જ્ઞાન મેળવો.' ગફારભાઈ એ તેમના ધર્મપત્ની સાથે સૃષ્ટિ સંસ્થા મારફતે દેશના ૧૯ રાજયોના જંગલોમાં પ્રવાસ કર્યો છે. જયારે ગફારભાઈએ ૨૩ રાજયોના જંગલોનો પ્રવાસ કરી વનસ્પતિ અને પ્રકૃતિનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ છે. ગફારભાઈ કહે છે કે, 'આ હળાહળ કળયુગ છે. ન થવાનું થશે, લોકો ન ખાવાનું ખાશે, ન પીવાનું લોકો પીશે. માન-મર્યાદા પડી ભાંગશે ત્યારે પ્રકૃતિ અને પ્રકૃતિવિદોની બોલબાલા હશે.' પર૦૦ જેટલી વનસ્પતિને ઓળખે છે અને તેની ૧૦૦૦ જેટલી આયુર્વેદિક ફોર્મ્યુલા જાણે છે અને શેઢાપાળાની કે વન-વગડાની લુપ્ત થતી વનસ્પતિનું સંવર્ધન કરીને તેના રોપા, કલમો બનાવીને વેચાણ કરે છે. આ ઉપરાંત તેઓ મૂલ્યવર્ધન કરીને ચૂર્ણ, પાવડર, અર્ક બનાવીને વેચાણ કરે છે. ડાયાબિટીસનાં દર્દીઓને સારા પરિણામ પણ મળે છે.





દર વર્ષે કુરેશી બાગની ૧ થી સવા લાખ લોકો મુલાકાત લે છે. અહિં જ્ઞાતિ-જાતિ, ધર્મ, કોમ પૂછવામાં આવતા નથી. અહિં ફાર્મની વિઝીટ ફી લેવામાં આવતી નથી. વિનામૂલ્યે ભોજન અને રહેવાની વ્યવસ્થા છે. શરત ફક્ત એટલી કે જાણવા, શિખવાની વૃત્તિ જોઈએ. બી.આર.એસ., એમ.આર.એસ. કૃષિ ડિપ્લોમાંના વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપવામાં આવે છે. ગફારભાઈ કહે છે, 'થાકી ગયો તો ગયો, કામ કરવાનું ગૌરવ પેદા કરો બાકી થાકેલો, હારેલો માણસ કંઈ કામનો નથી.'

પોતાના ફાર્મ હાઉસમાં ૫૦થી વધારે કાયમી મજૂર છે. તેઓને બપોરે સાથે જ જમાડવાના ઉપરાંત તેઓના બાળકો સારૂં શિક્ષણ મેળવે તે વ્યવસ્થા કરવાની. મજૂરનો દીકરો પણ સરકારી નોકરીયાત બને તે ભાવ સાથે ગફારભાઈ કામ કરે છે.

ગફારભાઈ કહે છે, 'ખેતીપ્રધાન દેશમાં ખેડૂત માયકાંગલો ના હોવો જોઈએ. આજે યુગ પરિવર્તન થયુ છે. ભૂતકાળમાં આપણા વડવાઓ એક ઓસરીએ રહેતા. સાધનો, યંત્રો નહિ છતા સારી જીંદગી જીવતા. ખેતી એ ખેડૂતો સાથે બીજાને રોજીરોટી આપતો વ્યવસાય છે. શુધ્ધ ખાઈએ અને શુધ્ધ ઉત્પાદન કરી બીજાને શુધ્ધ આપીએ. "ગુણવત્તાવાળું ઉત્પાદન - ગુણવત્તાવાળા પૈસા" આ મંત્ર ખેડૂતો અપનાવે.'

કુરેશી બાગ ઓર્ગેનિક ખેતી સાથે જોડાયેલ છે. અહિં દરેક ધર્મોનાં ગ્રંથોનું વૃક્ષો વચ્ચે વાંચન કરવામાં આવે છે. બગીચામાં દર મહિને હોમ- હવન કરવામાં આવે છે. આજે સચ્ચાઈ અને ઈન્સાનીયતનો નાશ થઈ રહ્યો છે. કિંમત વિનાના બાળકો પેદા કરવા કરતાં કિંમતી વૃક્ષોનું વાવેતર કરો એ ધરતી, સમાજ અને જગતને છાયો આપશે !!!

કુરેશી બાગમાં ૨૧૦ પ્રકારની કેરીની વિવિધ વેરાયટી છે. ફળ-ફળાદીની ૭૦૦ વેરાયટી છે. ૭૦ કંદની વેરાયટી છે. ૧૦૦૦ આયુર્વેદિક વૃક્ષોની વેરાયટી છે. અત્યાર સુધીમાં ગફારભાઈએ સાત કરોડથી વધારે વૃક્ષોનું વેચાણ કરી વાવેતર કરાવેલ છે. અને તેઓ હસતા-હસતા કહે છે. "એક દિવસ કુદરતના દરબારમાં જવાનું છે. ત્યારે ઈશ્વર, ખુદા પૂછે કે તે શું કર્યું ત્યારે મારો જવાબ હશે. ભારતની દિલવાળી ભૂમિ ઉપર ૧૦ કરોડ વૃક્ષોનું વાવેતર કરાવીને આવ્યો છું." ગફારભાઈને ૪૨૧ જેટલા સન્માન પત્રો, એવોર્ડ મળ્યા છે. એકવાર મળવા જેવા માણસ છે. ગફારભાઈનો મો. ૯૪૨૬૪૬૫૩૫૮

તિખારો :- **સંબંધ ક્યારે મીઠા અવાજ, રૂપાળા ચહેરા કે પદ પૈસાથી નથી ટકતો સાહેબ, એ ટકે છે સુંદર હૃદય અને ક્યારેય ના તૂટે એવા વિશ્વાસથી, યાદ રાખજો.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

ખરીફ સિઝન પહેલા મગફળી અને ડાંગર માટે આટલું કરો

અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

ડાંગર :

● ડાંગર માટે "શ્રી" પદ્ધતિ અપનાવો.

● મોડી પાકતી જાત : મસુરી, જી.આર.૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, નર્મદા

● મોડી મધ્યમ પાકતી જાત : જી.આર-૧૧, ૧૩, જ્યા ગુર્જરી, આઇ.આર.-૨૨, જી.આર-૧૫

● ફેર રોપણી માટે : જી.આર-૪, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૯૪, ગુર્જરી, એસએલઆર – ૫૧૨૧૪, દાંડી.

● ઓરાણ માટે: સાંઠી-૩૪, ૩૬, જીઆર- ૩, ૫, ૮, ૯, અંબિકા, રત્ના, આઈ.આર-૮, જી.આર-૧૬ (તાપી)

● વહેલી પાકતી જાત ઓરાણ માટે : જી.આર.-૫, ૮, ૯, આઈ.આર-૨૮, જી.આર-૧૭ (સરદાર), એન.વી.એસ.આર.-૩૯૬

● ક્ષારીય જમીનની જાત : દાંડી, જી.એન.આર-૨, ૩, ૪

● ખાતર: ૧૨૦-૩૦-૦૦ નાં.ફો.પો.

● રોપણી વખતે પાયામાં ઝિંક સલ્ફેટ આપવું હિતાવહ છે.

● બિયારણ ૫ ગ્રામ બાવિસ્ટીન પાવડર મેળવેલ બિયારણને ભીના કંતાનમાં બાંધીને ૨૪ કલાક માટે છાયાવાળી જગ્યા અથવા ઘરમાં અંકુરણ માટે મૂકી દેવું. અથવા

● સૂકી બીજ માવજત : ૧ કિલો બીજ દીઠ ૩ ગ્રામ કાર્બેન્ડાઝીમ-૨૫ એસ.ડી. અથવા થાયરમ દવાનો બીજને પટ આપવો.

● ભીની બીજ માવજત : ૨૫ કિલો બીજને ૨૪ લિટર પાણીમાં ૬ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયક્લીન દવાના દ્રાવણમાં ૧૦ કલાક બોળી કોરા કરી વાવવા.

● ૭ થી ૧૪ દિવસની ઉંમરનાં ધરૂમાં બે પાંદડા આવે ત્યારે રોપણી કરી શકાય છે.

બાગાયતી પાકોમાં ઘનીષ્ટ પદ્ધતિ અપનાવો :

● આ પદ્ધતિમાં વાવેતરનાં અંતરો ઘટાડવાથી નોંધપાત્ર વધારે ઉત્પાદનો મળ્યા છે. ઉપરાંત જમીન, પાણી, સૂર્યપ્રકાશ વિગેરેનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. આર્થિક રીતે ફાયદો થાય છે.

મગફળી :

● પ્રથમ જંતુનાશક દવાનો પટ આપ્યા પછી ફૂગનાશક દવાનો પટ આપવો.

● ગળતિયા ખાતરમાં મિક્સ કરી વાવણી સમયે ચાસમાં આપવું.

● મગફળી એ સૂકી ખેતી અને અનિયમિત વરસાદવાળા વિસ્તારમાં મગફળી સાથે કપાસ, એરંડા, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકો આંતરપાક તરીકે લેવાથી ઉત્પાદન જોખમ ઘટાડી શકાય છે એટલે આંતર કે રીલે પાક પદ્ધતિ અપનાવવી.

● ઘૈણ અથવા સફેદ મુંડા (વ્હાઇટગ્રબ) માટે જમીન માવજત કરી ન હોય તો અને ઉધઈ પણ આવતી હોય તો ક્વિનાલફોસ ૨૫ ટકા ઈસી અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ટકા ઈસી માહે કોઈ પણ એક દવા પસંદ કરી ૧ કિલોગ્રામ દીઠ ૨૫ મિ.લિ. દવા બીજને વાવતા પહેલા ૩-૪ કલાક અગાઉ પટ આપી પછી છાંયડામાં સુકવી વાવેતર કરવું.


● હેક્ટર દીઠ રાસાયણિક ખાતર ૧૨.૫ - ૨૫ - ૫૦ કિલો એન.પી.કે. આપવું.

● થડનો સડો/સુકારો હોય તો વાવણી વખતે ચાસમાં હેક્ટરે ૫૦૦ કિ.ગ્રા. દિવેલાના ખોળ સાથે ૨.૫ કિ.ગ્રા. ટ્રાઇકોડર્માનું કલ્ચર ભેળવીને આપવું.

● બિયારણ સારી જનીનિક ગુણવત્તા ધરાવતું, સારી સ્ફુરણ શક્તિવાળુ અને અન્ય જાતોની ભેળસેળ વગરનું ખાત્રીલાયક હોવું જરૂરી છે. બને ત્યાં સુધી પ્રમાણિત બીજનો ઉપયોગ કરવો.

સંકલિત પોષણ વ્યવસ્થા :

સામાન્ય રીતે બાગાયતદારો અસમતોલ, અપુરતા, કાર્યરત મૂળ વિસ્તાર જોયા વગર પાકની અવસ્થા



ધ્યાને લીધા વગર ખાતર વાપરે છે, ખર્ચ વધારે છે, ગુણવત્તા બગાડે છે. તેની સામે સંકલિત પોષણ વ્યવસ્થામાં સમતોલ, સમયસર, યોગ્ય જગ્યાએ અને પાકની અવસ્થા ધ્યાને લઈ અપાતા ખાતરોમાં દેશી છાણીયું ખાતર, કમ્પોષ્ટ, ખોળ, હાડકાનો પાવડર સીવીડ, અઝોલા, વર્મી કમ્પોષ્ટ, લેધરમીલ, પોલ્ટી મેન્યુર, જૈવિક ખાતર લીલો પડવાશ, પાકની ફેરબદલી વિગેરેના વપરાશથી જમીનનું પોત બંધારણ સુધરશે, પર્યાવરણ બગડશે નહિ, ઉત્પાદન વધશે સાથે ગુણવત્તા સુધરશે. સામાન્ય પ્રજાનું આરોગ્ય સુધરશે. ઉત્પાદન ગ્રાહકલક્ષી અને નિકાસલક્ષી બનશે. આમ, રાસાયણિક ખાતરોની અવેજીમાં ઉપાયો બતાવવામાં આવ્યા છે.

આંબામાં ઘનિષ્ઠ વાવેતર પદ્ધતિના ફાયદા :

૧. ઝાડ દીઠ તેમજ હેક્ટર દીઠ બે થી ત્રણ ગણું વધુ ઉત્પાદન લઈ શકાય છે. ફળની ગુણવત્તા એટલે કે ફળની સાઈઝ, કલર, આકાર વગેરેમાં સુધારો જોવા મળે છે.

૨. આ પદ્ધતિમાં હેક્ટર દીઠ વધુ આવક મળે છે.

૩. ત્રીજા વર્ષેથી જ વ્યાપારીક ઉત્પાદન મળે છે તેમજ ઉત્પાદનનો સમયગાળો નાનો થાય છે.

૪. ફળ, ફૂલને નિયંત્રણ કરી દર વર્ષે ઉત્પાદન મેળવી શકાય છે.

૫. શરૂઆતના વર્ષમાં આંતર પાકોથી આવક મેળવી શકાય છે.

૬. ઝાડની ઉંચાઇ ઓછી હોવાના કારણે પાકની લણણી સરળતાથી કરી શકાય છે.

૭. લાંબા અંતરે વાવેલ આંબાવાડીને પણ ઘનિષ્ઠ વાવેતરમાં ફેરવી શકાય છે.

૮. જમીન, પાણી અને સૂર્યપ્રકાશનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે.

૯. એકમ વિસ્તારમાં વધારે ઝાડ રોપવાના હોવાથી તેની જાળવણી માટે વધારે માનવ દિવસની જરૂરીયાત રહે છે જે ખેતીમાં વધારે રોજગારી પુરી પાડે છે.

૧૦. કેળવણી અને છટણી દ્વારા ઝાડની ઉંચાઈ નિયમિત અને નિયંત્રીત થાય છે તેમજ ઝાડની ઉંચાઇ કરતા ઝાડનો ઘેરાવો વધુ થતો હોવાથી ઝાડની જાળવણીમાં યાંત્રિક મશીનરીનો ઉપયોગ શક્ય બને છે.

૧૧. નિયમીત છટણી થવાથી કલમોનું આંતરે વર્ષે ફળવાની મુશ્કેલીનું ઘણા અંશે નિવારણ શક્ય બને છે.

૧૨. ઝાડની વૃદ્ધિ નિયંત્રણ રાખવાથી દવાનો છંટકાવ વધુ અસરકારક રીતે કરી શકાય છે.



૧૩. દવાની જેમ રાસાયણિક અને સેન્દ્રિય ખાતર તેમજ પાણીનો પણ કાર્યક્ષમ ઉપયોગ થઇ શકે છે.

૧૪. છોડનો આકાર નાનો હોવાથી આંબામાં ફળો ઉપર પેપર બેગ (કોથળી) સહેલાઇથી લગાવી ઉચ્ચ ગુણવત્તા યુક્ત ફળો મેળવી શકાય છે.

૧૫. ફળની પરિપકવ અવસ્થા સરળતાથી જાણી શકાય છે.

૧૬. ફળ પરિપકવ અવસ્થાએ પહોચ્યા બાદ કાપણી પણ ખુબ જ અનુકૂળ રહે છે.

૧૭. નિકાસલક્ષી ગુણવત્તા ધરાવતી નવી જાતોનું વાવેતર ઘનિષ્ટ વાવેતર પદ્ધતિ દ્વારા કરી સારૂ એવું વિદેશી હુંડિયામણ કમાવાની તક મળે છે.



૧૮. પાક સંવર્ધનની કામગીરી પણ સરળતાથી કરી શકાય છે.

૧૯. આ પદ્ધતિમાં સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવે છે.

૨૦. આ પધ્ધતિમાં વાતાવરણનાં ફેરફારો એટલે કે જલ-વાયુ પરિવર્તનની માઠી અસર ઓછી થાય છે.

નાળીયેરીમાં ઈરીયોફાઈડ માઈટ :-

ફળો ખરી પડે, તીરાડો પડે, ગુંદર નીકળે, લીલો ભાગ દુર થાય. તેના નિયંત્રણ માટે

(૧) પુરતા પ્રમાણમાં પીયત આપવું

(૨) ભલામણ મુજબના ખાતરો આપવા

(૩) લીલો પડવાશ, વનસ્પતિનો ખોળ, અળશીયાનું ખાતર વિગેરે આપવું.

(૪) કાળા માથાની ઈયળ મુજબનું નિયંત્રણ

(૫) વનસ્પતિ જન્ય જંતુનાશક દવા નિમાજલ, એજેડીરેક વિગેરે મૂળ શોષણ પધ્ધતિ દ્વારા ૧૦ મિ.લિ. પાણીમાં મૂળ શોષણ પધ્ધતિ દ્વારા આપવું.

(૬) પાક સંરક્ષાણના સામૂહિક પગલા લેવા.



શ્રીઅન્નનું માનવ સ્વાસ્થ્ય અને આરોગ્ય માટે મહત્વ

લેખક- ડો. નેહા તિવારી, ડો. હેમાંગી ડી. મહેતા, ડો. જે.એન. વ્યાસ
પૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ૩૬૫૬૦૧
ડો . હેમાંગી ડી. મહેતા –એસોસિયેટ પ્રોફેસર, થિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી – ગાંધીનગર
વરિષ્ઠ પૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, નાના કાંધાસર, ૩૬૩૫૨૦

જુવાર:

જુવાર એ વિશ્વના ખાદ્ય બજારમાં બહુ લોકપ્રિય અનાજ નથી. તે જવ, ચોખા, ઘઉં અને મકાઈ પછી સૌથી વધુ ઉત્પાદિત અનાજમાં પાંચમા ક્રમે છે. પરંતુ, આ અનાજ અમુક આહારમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે અન્ય ઘણા નામોથી પણ ઓળખાય છે જેમ કે ગ્રેટ મિલેટ, ઈન્ડિયન મિલેટ



વગેરે. જુવારના ખાસ ગુણધર્મો અને તેના ફાયદાઓ જાણો.

● જુવારની તાસીર ઠંડી હોય છે, એટલા માટે તેનું સેવન ગરમીઓમાં વધુ કરવામાં આવે છે.

● શિયાળામાં જુવારના રોટલા નહીવત ખાવામાં આવતા હોય છે, પરંતુ ડાયટ કરતા લોકોએ જુવાર શિયાળામાં પણ ખાવી જોઈએ.

● જુવારમાં પોટેશિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ અને આયર્ન હોય છે.

● જુવાર આપણા હાડકા અને દાંતને મજબૂત બનાવી રાખે છે.

● જુવારના લોટમાં એન્ટી ઓક્સીડેન્ટ હોય છે. તેની વિશિષ્ટ વિશેષતાઓને લીધે તે વધુ લોકપ્રિય છે જેમ કે તે ગ્લૂટેન રહિત અને નોન એલર્જિક હોય છે. જેઓ સેલિયાક રોગથી પીડિત છે, તેઓ જુવારનો ઉપયોગ ગ્લુટેન મુક્ત અનાજ તરીકે કરે છે.

● જુવારના દાણાની રાખ બનાવીને મંજન કરવાથી દાંતનો દુઃખાવો મટે છે, પેઢાનો સોજો ઉતરે છે અને દાંત હલવાનું બંધ થઈ જાય છે.

● જુવાર બવાસીર અને ઘાવોમાં લાભદાયક સાબિત થાય છે.

● જુવાર વિટામીન બી-કોમ્પલેક્સનો સારો સોર્સ છે.

● શાકાહારી લોકો માટે જુવારનો લોટ પ્રોટીનનો સારો સોર્સ છે. જુવાર એક અભ્યાસ પ્રમાણે ખાસ પ્રકારના કેન્સરના ખતરા સામે લડવામાં મદદરુપ છે.

જુવારનું મૂલ્યવર્ધન કેવી રીતે થઇ શકે જેથી સ્વાસ્થ્ય અને આરોગ્યની જાળવણી થઇ શકે

- **જુવારના ઉપમા**
- **જુવારના પેંડા**
- **જુવારનો પોંક**
- **જુવારના લોટથી તૈયાર લાડુ**
- **જુવારના થેપલા**

રાગી, અનાજનો એક પ્રકાર છે. જે જરૂરી પોષક તત્વોથી ભરપૂર હોય છે. નિષ્ણાતોએ શોધી કાઢ્યું છે કે

● રાગીના સેવનથી રોગપ્રતિકારક શક્તિ અને સ્વસ્થ હૃદય અને આંતરિક શક્તિઓનો સંચાર થાય છે. એટલું જ નહીં, રાગી દ્વારા વજન ઓછું કરવું અને બ્લડસુગર લેવલને સંતુલિત રાખવું પણ સરળ બને છે.

● આ ઉપરાંત, તે તમારી જ્ઞાનાત્મક કુશળતાને પણ સુધારે છે.

● રાગીને ગુણધર્મો અને પોષક તત્વોના ભંડાર તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાંથી આપણને પ્રોટીન, ફાઇબર, ફેટ, વિટામિન સી, ઈ, બી વગેરે મળે છે.

● આ સિવાય રાગીની અંદર ઘણા બધા સંયોજનો છે જેમ કે રિબોફ્લેવિન, નિયાસિન અને ફોલિક એસિડ, કેલ્શિયમ, મેગ્નેશિયમ, આયર્ન અને ફોસ્ફરસ વગેરે. તેના આ ગુણો આપણા શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે.

● ચામડી માટે પણ નાગલી ખુબ જ



ઉપયોગી છે. ખાસ કરીને નાગલીમાં આવેલા ફેરુલીક એસિડ અલ્ટ્રાવાયોલેટ વિકિરણોના કારણે ચામડીને થતી નુકસાનીથી બચાવે છે. તેમાં આવેલા એન્ટી એન્જીંગ ગુણ ચામડીને સમય પહેલા દેખાતા વૃધત્વના લક્ષણોને ઘટાડે છે.

● જે મહિલાઓ બાળકને સ્તનપાન કરાવે છે તેણે આહારમાં રાગીનું સેવન કરવું જોઈએ. નાગલી લીલી હોય છે ત્યારે તેનો ઉપયોગ કરવાથી સ્ત્રીઓમાં દૂધનું પ્રમાણ વધે છે કારણ કે, નાગલીમાં જરૂરી એમીનો એસિડ, લોહ તત્વ અને કેલ્શિયમ હોય છે જે



બાળક અને મહિલા માટે જરૂરી હોય છે. નાગલીમાં આવેલા એન્ટીઓક્સીડેન્ટ અને એમીનો એસિડ શરીર અને મગજને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે, તેના નિયમિત સેવનથી ચિંતા, તણાવ અને ડીપ્રેશન દુર રહે છે

રાગીનું મૂલ્યવર્ધન કેવી રીતે થઇ શકે જેથી સ્વાસ્થ્ય અને આરોગ્યની જાળવણી થઇ શકે

- **રાગીના પાપડ**
- **રાગીની ચકરી**
- **રાગીના બિસ્કીટ**
- **રાગીના લાડુ**
- **રાગીની કેક**
- **રાગીના પીઝા**



ફળપાકોની નર્સરી એક અગત્યનો ઉદ્યોગ

ડો. જે.એસ. પરસણા, ડો. શિવાની
આર. પટેલ, ડો. વી.એ. સાવલિયા
અને ડો.બી.વી. ઠુંમર
જે.એ.યુ., જૂનાગઢ

પ્રસ્તાવના

નર્સરી ઉદ્યોગમાં ફળપાકોના રોપા/ કલમોનો ઉછેર છે. સામાન્ય રીતે ફળઝાડ બહુવર્ષાયુ હોવાથી ફળપાકોની સફળતાનો આધાર રોપવામાં આવેલ રોપા/ કલમોની ગુણવત્તા તથા જાત ઉપર રહેલ છે. સારી ગુણવત્તાવાળા રોપા/કલમોની રોપણી કરેલ ન હોય તો ગમે તેટલી માવજાત કરવામાં આવે તો પણ ધારણા પ્રમાણે ઉત્પાદન મળતુ નથી એટલે જ આપણે ત્યાં કહેવત છે કે 'બાપ એવા બેટા અને વડ એવા ટેટા' આમ સારી ગુણવત્તા તથા સારી જાતના રોપ/ કલમો તથા માતૃછોડ પસંદ કરવા માટે નર્સરી એ અગત્યનું સ્થળ છે. તેથી ફળઝાડનું વાવેતર કરતા પહેલા નર્સરીમાંથી સારી ગુણવત્તાવાળા અને તંદુરસ્ત રોપા કલમો પસંદ કરી વાવેતર કરવામાં આવે તો લાંબાગાળા સુધી સારુ વળતર મળી રહે છે.

ફળ નર્સરીનું આયોજન કરતી વખતે કઇ કઇ બબતો ધ્યાનમાં રાખવી જોઇએ ?

ફળ નર્સરીનું આયોજન કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ :

૧. નર્સરીની જમીન જે તે વિસ્તારમાં ઉછેરવામાં આવતા છોડને અનુકૂળ, સારા નિતારવાળી તથા ફળદ્રુપ હોવી જોઈએ.

૨. નર્સરીની જમીન સમતલ કે સાધારણ ઊંચી જગ્યાએ પસંદ કરવી.

૩. નર્સરીના સ્થળની નજીકમાં મીઠા પાણીની સગવડ હોવી જોઈએ.

૪. નર્સરીનું સ્થળ પાકા રોડની નજીક હોવું જોઈએ જેથી ચોમાસામાં વાહનો દ્વારા રોપાઓની હેરફેર કરવામાં સુગમતા પડે.

૫. નર્સરીનું સ્થળ ગામ/ શહેર નજીક હોવું જોઈએ જેથી નર્સરીમાં કામ કરતા માણસો સમયસર આવી શકે.

૬. નર્સરી માટે આછો- પાતળો છાંયો રહે તેવા વૃક્ષવાળા સ્થળની પસંદગી કરવી જોઈએ.

૭. નર્સરીમાં બહારથી પશુઓ આવીને નુકસાન ન કરે તે માટે નર્સરીની ચારે બાજુએ વાડ બનાવવી જોઈએ.

૮. નર્સરીમાં બીજ, ખાતર તથા અન્ય જરૂરી સાધનો ભરવા માટે મકાન તથા છાપરાની વ્યવસ્થા કરવી જોઈએ.




છોડ ઉછેરનું માધ્યમ અને તેની તૈયારી કેવી રીતે કરવી ?

છોડ ઉછેર માટેનું માધ્યમ, એક અગત્યની બાબત છે. સામાન્ય રીતે સારા નીતારવાળી જમીન ઘણી જ જરૂરી છે. માધ્યમમાં સેન્દ્રિય તત્વો, જીપ્સમ, ખોળ વગેરે ઉમેરવાથી તથા કુંડા અને કોથળીમાં નીચે કાણા પાડવાથી નિતાર વધારી શકાય છે. આ ઉપરાંત માટીમાં સારુ કોહવાયેલું કમ્પોસ્ટ ખાતર, વર્મિકમ્પોસ્ટ, લીફમોલ્ડ ૫૦ ટકા પ્રમાણે વાપરવું અથવા ૫ થી ૬ મહિના અગાઉનો જુનો લાકડાનો વહેર (૩૫ %), ડાંગરની કુસ્કી (૩૫ %) દિવેલી અથવા લીંબોળીનો ખોળ (૫ %) તથા માટી (૨૫ %) નું નિશ્રણ તૈયાર કરી કોહવડાવી ઉપયોગ કરવો. (ક્રમશઃ)



ધોલેરા-ભાવનગર હાઈ-વે પર બે કાર વચ્ચે અકસ્માતમાં ૪ના મોત નિપજ્યા

ભાવનગર,તા.૨૫



ગુજરાતમાં વધુ એક અકસ્માતના બનાવની ઘટના સામે છે. ધોલેરા-ભાવનગર હાઈવે પર સાંઢીડા નજીક હ્યુન્ડાઈ વરના અને મારૂતિ એસ-ક્રોસ કાર વચ્ચે અકસ્માત સર્જાતા ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હોવાની માહિતી મળી રહી છે. અકસ્માત કયા કારણોસર સર્જાયો તેની માહિતી હજુ સામે નથી આવી. ધોલેરા-ભાવનગર હાઈવે પર સાંઢીડા નજીક રવિવારે (૨૫ મે, ૨૦૨૫) બે કાર વચ્ચે ગંભીર અકસ્માતના બનાવને પગલે પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી, અને ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોને ભાવનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માત કયા કારણોસર સર્જાયો તેની માહિતી હજુ સામે નથી આવી. અગાઉ ૧૨ મેના રોજ ધોલેરા-ભાવનગર હાઈવે પર બે કાર વચ્ચે જોરદાર ટક્કર થતા અમદાવાદના ૩ સગા ભાઈ સહિત ૫ વ્યક્તિના મોત નિપજ્યા હતા.

દેશમાં કોરોનાના નવા પ્રકારને કારણે એક દિવસમાં બે દર્દીઓના મોત

ન્યૂ દિલ્હી,તા.૨૫



દેશમાં કોરોનાના નવા પ્રકારને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨ દર્દીઓના મોત થયા છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, બેંગલુરુમાં કોરોનાથી પીડિત ૮૪ વર્ષીય વૃદ્ધનું મૃત્યુ થયું છે. આ પહેલા થાણેમાં ૨૧ વર્ષીય યુવકનું મોત થયું હતું. ગયા શનિવારે, કોરોનાના ૨૩ કેસ નોંધાયા હતા. મહારાષ્ટ્રના થાણેમાં ૮, રાજસ્થાન અને કર્ણાટકમાં ૫-૫, ઉત્તરાખંડ અને હરિયાણામાં ૩-૩, મધ્યપ્રદેશના ઈન્દોરમાં ૨ અને ઉત્તરપ્રદેશના નોઈડામાં ૧ કેસ નોંધાયા છે. સક્રિય કેસની કુલ સંખ્યા ૩૬૩ પર પહોંચી ગઈ છે. દેશભરમાં વધતા કેસ વચ્ચે, કેન્દ્રીય આરોગ્ય સચિવે શનિવારે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR), ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ રિસર્ચ (DHR), ડાયરેક્ટર જનરલ હેલ્થ સર્વિસીસ (DGHS) અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC)ના અધિકારીઓ હાજર રહ્યા હતા. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોમાંથી કોવિડના નવા કેસ નોંધાયા છે. જોકે, મોટાભાગના કેસ હળવા છે અને દર્દીઓ ઘરે એકાંતમાં સ્વસ્થ થઈ રહ્યા છે.

આવતીકાલે પીએમ મોદી કરોડોના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

ગાંધીનગર, તા.૨૫



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭મી મેના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વિશેષ કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ વિવિધ વિભાગોના રૂા.૫,૫૩૬ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. શહેરી વિકાસ વિભાગ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂા.૧૦૦૬ કરોડના ૨૨,૦૦૦થી વધુ રહેણાંક એકમોનું લોકાર્પણ થશે. સુરતમાં રૂા.૧૪૫ કરોડના બાયોડાયવર્સિટી પાર્કનું પણ લોકાર્પણ કરાશે. જામનગર, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને જૂનાગઢમાં રૂા.૧,૪૪૭ કરોડના વિકાસ કાર્યો પૂર્ણ થયા છે. અમદાવાદમાં રૂા.૧૦૦૦ કરોડના સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ સહિત રૂા.૧,૩૪૭ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત થશે.

વિસાવદર અને કડી વિધાનસભાની પેટાચૂંટણી જાહેર, ૧૯ જૂને મતદાન

ગાંધીનગર,તા.૨૫



ગુજરાતની બે વિધાનસભા બેઠક કડી અને વિસાવદર માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ બંને બેઠક માટે ૧૯ જૂન, ૨૦૨૫ના રોજ મતદાન યોજાશે અને ૨૩ જૂને મતગણતરી કરવામાં આવશે. ૨૬ મેથી ચૂંટણીફોર્મ ભરવાની શરૂઆત થશે. ચૂંટણી પંચ દ્વારા સમયસૂચકતા અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સુનિશ્ચિત કરવા તમામ તૈયારી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભાજપના ધારાસભ્ય કરશન સોલંકીનું ફેબ્રુઆરીમાં અવસાન થતાં કડી વિધાનસભાની સીટ ખાલી પડી છે. તો વિસાવદરની સીટ પર આપમાંથી જીતેલા ભૂપત ભાયાણીએ રાજીનામું આપતા અહીં પણ ફરી પેટાચૂંટણી યોજાવાની છે. વિસાવદરની પેટાચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ થશે, કારણ કે આમ આદમી પાર્ટી ઈટાલિયાને ઉમેદવાર જાહેર કરી ચૂકી છે. આપે ઉમેદવાર જાહેર કર્યા બાદ કોંગ્રેસે પણ અહીં એકલે હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. આમ ભાજપ, આપ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણી જંગ જામશે.

સુરતમાં સગીરનું યૌનશોષણ કરનાર યુવતી સામે પોક્સો હેઠળ ગુનો નોંધાયો

સુરત,તા.૨૫



સુરતના પુણા વિસ્તારમાં ૨૩ વર્ષીય શિક્ષિકા દ્વારા ૧૭ વર્ષીય કિશોરનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બન્યાના ચકચારી કિસ્સા વચ્ચે લિંબાયતની ૧૯ વર્ષીય યુવતીની લવસ્ટોરી સામે આવતા ચર્ચાનું કેન્દ્ર બની છે. આ યુવતી ૧૭ વર્ષીય કિશોરનું અપહરણ કરી ગઈ હતી. મહારાષ્ટ્રનાં જલગાંવ જિલ્લામાં બે મહિના સુધી એક ઝૂંપડામાં રાખી તેનું યૌનશોષણ કર્યાનું બહાર આવતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. ભાગતા પહેલા અને ભાગ્યા બાદ પણ અનેકવાર શરીર સંબંધ બાંધ્યા હોવાની સગીરની કબૂલાત આધારે યુવતી વિરુદ્ધ પોક્સોની અલગ-અલગ કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.

દિલ્હીમાં વાવાઝોડા સાથે વરસાદ, અનેક ફ્લાઈટને અસર પહોંચી

ન્યૂ દિલ્હી,તા.૨૫




રવિવારે સવારે દિલ્હીમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો હતો. મિંટો રોડ, મોતીબાગ અને દિલ્હી એરપોર્ટ ટર્મિનલ-૧ના રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અહેવાલો અનુસાર, આના કારણે ૧૦૦થી વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે, જેમાંથી ૨૫થી વધુ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવામાં આવી છે. કેટલીક ફ્લાઈટ્સ મોડી પડી હતી અને કેટલીક રદ કરવામાં આવી હતી. ગઈકાલે દેશમાં ચોમાસાનું આગમન થયું છે. તે તેના નિર્ધારિત સમય કરતાં ૮ દિવસ પહેલા કેરળ પહોંચી ગયું છે. તે જ સમયે, આજથી નવતપા પણ શરૂ થઈ રહ્યો છે, જે ૨ જૂન સુધી ચાલુ રહેશે. આ સમયગાળા દરમિયાન ભારે ગરમી પડે છે. હવામાન વિભાગે આજે દેશના ૨૧ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની ચેતવણી જારી કરી છે. આ ઉપરાંત, ઉત્તરાખંડમાં કરા પડવાની અને રાજસ્થાનમાં ધૂળની આંધી-ગરમીની ચેતવણી આપવામાં આવી છે.

જાપાનને પછાડી ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું

આગામી અઢી ત્રણ વર્ષમાં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે

ન્યુ દિલ્હી,તા.૨૫



ભારત સત્તાવાર રીતે જાપાનને પછાડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. નીતિ આયોગના CEO બીવીઆર સુબ્રમણ્યમે ૨૪ મેના રોજ એક પ્રેસ કોન્ફરન્સમાં આ માહિતી આપી હતી. ભારતે તેની ઈકોનોમિક પોલિસીને કારણે આ સિદ્ધિ મેળવી છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) ના ડેટાને ટાંકીને સુબ્રમણ્યમે કહ્યું, ''આપણે ચોથા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ. આપણે ૪ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા છીએ. આજે જાપાન કરતા ભારતની અર્થવ્યવસ્થા મોટી છે. હવે ફક્ત અમેરિકા, ચીન અને જર્મની જ ભારત કરતા આગળ છે.'' નીતિ આયોગના સીઈઓએ એમ પણ કહ્યું કે જો આપણે આપણી યોજના અને વિચારો પર ટકી રહીશું, તો આપણે ૨.૫- ૩ વર્ષમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીશું.

કોડીનાર તાલુકાના અડવી ગામે વાઘેશ્વરી માતાજીના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન

કોડીનાર,તા.૨૫

કોડીનાર તાલુકાના અડવી ગામે ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના પરમાર પરિવારના કુળદેવી વાઘેશ્વરી માતાજીનું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું છે. આ નવનિર્મિત મંદિરમાં તા. ૨૧/૫ થી ૨૩/૫ દરમિયાન ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભક્તિભાવ પૂર્વક સંપન્ન થયો.

ડોળાસા નજીકના અડવી ગામે આવેલા આ નવનિર્મિત ભવ્ય મંદિરના નિજ મંદિરમાં વાઘેશ્વરી માતાજીના પ્રતીક રૂપે ત્રિશૂળની સ્થાપના કરવામાં આવી હતી. ત્રણ દિવસના આ ધાર્મિક માહોલમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ યોજાયો હતો. મહોત્સવના અંતિમ દિવસે, તા. ૨૩/૫ ના રોજ મહાઆરતી બાદ સમૂહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અડવી ગામના જેઠાભાઈ ગોવિંદભાઈ પરમાર અને જેશિંગભાઈ ગોવિંદભાઈ પરમારના પરિવારજનો દ્વારા આ ભવ્ય મંદિરના નિર્માણ માટે જગ્યા ફાળવવામાં આવી હતી અને મંદિરનું નિર્માણ કાર્ય પણ તેમના સહયોગથી થયું છે. પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ અને સમૂહ પ્રસાદના યજમાન પણ પરમાર પરિવારના સભ્યો રહ્યા હતા.


અરબ સાગરમાં વાવાઝોડું નબળુ પડ્યું, છુટાછવાયા વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૨૫

અરબ સાગરમાં સર્જાયેલા ડિપ્રેશનના કારણે આજે રાજ્યમાં છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત માછીમારોને પાંચેક દિવસ સુધી દરિયો નહીં ખેડવા સૂચનાઓ આપવામાં આવી છે. હવે અરબ સાગરમાં સર્જાયેલુ ડિપ્રેશન નબળુ પડ્યું છે. રાજ્ય પરથી વાવાઝોડાનો ખતરો ટળી ગયો હોવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં ૫૦થી ૬૦ કિ.મી પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે. આગામી ૭ દિવસ છૂટોછવાયો વરસાદ રહેશે. અરબ સાગરમાં સર્જાયેલું ડિપ્રેશન નબળુ પડતા હવે તાપમાનમાં વધુ ફેરફાર નહીં થવાની શક્યતાઓ છે. રાજ્યના બંદરો પર હાલમાં કોઈ સિગ્નલ જાહેર કરાયુ નથી. ડિપ્રેશન નબળુ પડતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ પડશે.

જેતપુરમાં અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના જેતપુર શહેર તાલુકાની નવનિયુક્ત ટીમનો શપથ વિધિ સમારોહ યોજાયો

ચલાલા, તા.૨૫





અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના જેતપુરના નવનિયુક્ત હોદેદારોનો શપથ વિધિ કાર્યક્રમ શ્રી નવી લોહાણા મહાજન વાડી નવાગઢ રોડ જેતપુરમાં યોજાયો હતો. અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાના સુપ્રીમો ગીરીશભાઈ કોટેચા, અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાના પ્રભારી અને અમરેલી જિલ્લા રઘુવીર સેના પ્રમુખ વિશાલભાઈ સોઢા અને સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેનાના તેમજ લોહાણા મહાજનોના હોદેદારોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. નવનિયુક્ત હોદેદારોને પોરબંદર રઘુવીર સેના મહિલા પાંખના પ્રમુખ દુર્ગાબહેન લાદીવાળાએ શપથ ગ્રહણ કરવ્યા હતા.

ગીરગઢડામાં બોગસ ડોક્ટર ઝડપાયો ૩. ૬૨૭૦નો મુદ્દામાલ કબજે કર્યો

ઉના, તા.૨૫



ગીરગઢડાના કાણકિયા ગામમાં ગેરકાયદેસર તબીબી પ્રેક્ટિસ ચલાવતા બોગસ ડોક્ટરને પોલીસે ઝડપી પાડ્યો હતો. જિલ્લા એસઓજીને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ સ્ટાફના ઈબ્રાહિમશા બાનવા, પ્રતાપસિંહ ગોહિલ અને રણજીતસિંહ ગોહિલે મેડિકલ ઓફિસર ઉજ્જવલભાઈ પડશાળા સાથે કાણકિયા ગામમાં દરોડો પાડ્યો હતો. આરોપી રાજેશ બાબુ ચોહાણ (ઉંમર ૪૬, રહે. અર્જુન નગર, ઊના) પાસેથી જરૂરી દસ્તાવેજો માગવામાં આવ્યા હતા. મેડિકલ ઓફિસરે તપાસ કરતા જાણવા મળ્યું કે, આરોપી કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી વગર લોકોની સારવાર કરી રહ્યો હતો. સ્થળ પરથી એલોપેથિક દવાઓ, બીપી માપવાનું મશીન, છૂટક દવાઓ અને સિરપની બોટલો મળી આવી હતી. કુલ રૂપિયા ૬,૨૭૦નો મુદ્દામાલ જમ કરવામાં આવ્યો હતો. ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી અને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ

ડોળાસામાં ખેડૂત પર હુમલો કરનાર દીપડો પાંજરે પુરાતા લોકોને હાશકારો

કોડીનાર, તા.૨૫



કોડીનાર તાલુકાના ડોળાસા ગામે વહેલી સવારે એક દીપડાએ ખેડૂત પર હુમલો કરતાં ખળભળાટ મચી ગયો હતો. ગામના કાદુભાઈ રાજાભાઈ મોરી (આધેડ) પોતાની વાડીએ ગાય દોહવા ગયા હતા, ત્યારે ચાર દિવસના વાછરડાને દીપડો મોઢામાં લઈને ભાગવાનો પ્રયાસ કરતો હતો. કાદુભાઈએ વાછરડાને બચાવવા પ્રયાસ કરતા દીપડો ઉશ્કેરાઈ ગયો અને તેમના પર હુમલો કરી લોહીલુહાણ કરી દીધા હતા. ઈજાગ્રસ્ત કાદુભાઈએ બૂમાબૂમ કરતા પાડોશી ખેડૂતો ઘટના સ્થળે પહોંચ્યા અને તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કોડીનાર સારવાર અર્થે ખસેડાયા હતા. જામવાળા વન વિભાગને જાણ કરાતા, સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો અને દીપડાને ઓસરીમાં પૂરી, બેહોશીનું ઈન્જેક્શન આપી તેને પાંજરે પૂર્યો હતો. વન વિભાગે જણાવ્યું કે માનવ લોહી ચાખી ગયેલા આ દીપડાને ગીર વિસ્તારમાં છોડવામાં આવશે. આ સફળ રેસ્ક્યુ ઓપરેશનમાં રાઉન્ડ ફોરેસ્ટર મહેશભાઈ સોલંકી સહિત વન વિભાગના અનેક કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. ડોળાસા અને આસપાસના ગામોમાં વન્યજીવોના વધતા ઉપદ્રવથી ખેડૂતો કાયમી મુક્તિની માંગ કરી રહ્યા છે.



વિકસિત ભારતના સ્વપ્ન અને અમૃતકાળના સંકલ્પને સાર્થક કરતા
માનનીય વડાપ્રધાન
શ્રી નરેન્દ્રભાઈ મોદી ના વરદ્‌હસ્તે

ભારત સરકાર અને ગુજરાત સરકારના કુલ ₹24,000 કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનાં

લોકાર્પણ અને ખાતમુહૂર્ત

:: મુખ્ય મહેમાન ::

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી અશ્વિની વૈષ્ણવ
માનનીય કેન્દ્રીય મંત્રી, રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેકટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી, ભારત

માનનીય વડાપ્રધાનશ્રીના વરદ્‌હસ્તે વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્તની યાદી

પશ્ચિમ રેલવેના ₹ 23,692 કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ

'મેક ઇન ઇન્ડિયા' અભિયાન અંતર્ગત દાહોદ ખાતે નિર્મિત ભારતના પ્રથમ 9000 એચપી લોકોમોટિવ એન્જિનનું લોકાર્પણ તથા ફ્લેગ ઑફ

દાહોદ રેલવે ઉત્પાદન યુનિટથી 10,000 લોકોને રોજગારી

ગુજરાતમાં રેલવેનું 100% વીજળીકરણ: રાજ્યભરના રેલવે નેટવર્કનું સંપૂર્ણ વીજળીકરણ થવાથી પરંપરાગત ઊર્જાના સ્રોત પર નિર્ભરતા ઘટશે અને પર્યાવરણને અનુકૂળ પરિવહન વિકસશે

વંદે ભારત એક્સપ્રેસ: અમદાવાદ (સાબરમતી) થી વેરાવળ (સોમનાથ) સુધી ઝડપી અને સુરક્ષિત મુસાફરીનો નવો યુગ:
પ્રવાસીઓને ઝડપી, સલામત અને આરામદાયક મુસાફરી માટે વધુ એક વિકલ્પ ઉપલબ્ધ કરાવશે, ખાસ કરીને ધાર્મિક યાત્રા કરતા મુસાફરો માટે આ માર્ગ વધુ સુવિધાજનક

વલસાડ-દાહોદ વચ્ચે નવી ટ્રેન સેવાનું લોકાર્પણ તથા ફ્લેગ ઑફ
નવી ટ્રેન સેવા વલસાડ અને દાહોદને સીધા રેલ કનેક્શન દ્વારા જોડશે, જેનાથી વલસાડ નજીકના ઔદ્યોગિક વિસ્તારોમાં પહોંચવું સુગમ બનશે અને વધુ રોજગારીના અવસરો મળશે

₹181 કરોડ રૂપિયાની ચાર જૂથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ:

ખેરોલી, નામનાર, ગોથીબ અને ચરણગામ ઓગમેન્ટેશન RWSS યોજનાઓનો આરંભ;
આ યોજનાઓ દ્વારા મહીસાગર અને દાહોદ જિલ્લામાં આવેલા 193 ગામો અને 1 શહેરના કુલ 4.62 લાખ લોકોને દરરોજ વ્યક્તિદીઠ 100 લિટર પીવાનું શુદ્ધ પાણી મળશે.

સુવિધાસભર શહેરી જીવન માટે ₹ 706 કરોડ:

શહેરી વિસ્તારોમાં માર્ગો, પુલો, પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા અને
અન્ય પ્રાથમિક સુવિધાઓના વિકાસ માટે 'અમૃત 2.0 યોજના અંતર્ગત ₹ 706 કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ

પોલીસ દળ માટે આધુનિક આવાસ સુવિધા:

દાહોદ જિલ્લાના પાવડી ખાતે રાજ્ય અનામત પોલીસ દળ માટે સંપૂર્ણ રીતે સુવિધાસભર પોલીસ ક્વાર્ટર્સ

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત દાહોદ શહેરમાં ₹ 233 કરોડના વિવિધ મહત્ત્વપૂર્ણ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ

દાહોદ નગરપાલિકાનું નવું ભવન, આધુનિક આદિવાસી સંગ્રહાલય, સ્માર્ટ પુસ્તકાલય, સ્માર્ટ પ્રાથમિક શાળાનું નવીન મકાન

દૂધમતી નદીના રિવરફ્રન્ટ વિકાસ, અને અનેક અન્ય શહેરી સુવિધાઓના અભિગમથી સંકળાયેલાં કામો

તારીખ : 26-05-2025, સોમવાર સમય : સવારે 11-00 વાગે, સ્થળ : જી.એમ.એસ.સી.એલ. ગોડાઉન પાછળ, ખરોડ, દાહોદ.



DD NEWS Live Telecast on DD NEWS